R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૧૯મી મે, ૨૦૧૦ ● અંક નં. ૨૩

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ    કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી    સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ :** www.gujaratinformation.net    Phone No. : 079-232-53440

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ : ગાંધીનગર

## નશાબંધી અને આબકારી ખાતામાં પરવાનેદારના ખર્ચની નાયબ નિરીક્ષક (સબ ઇન્સ્પેક્ટર) વર્ગ-૩ની જગ્યાઓ માટે સીધી ભરતી

**જાહેરાત ક્રમાંક : ૭/૨૦૧૦**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૯-૦૫-૨૦૧૦**

**જગાની કુલ સંખ્યા : ૫૦**

ગૃહવિભાગ હસ્તક નશાબંધી અને આબકારી ખાતા, ગુજરાત રાજયમાં પરવાનેદારના ખર્ચની નાયબ નિરીક્ષક (સબ ઈન્સ્પેકટર) વર્ગ-૩ ની નીચે દર્શાવેલ ખાલી જગ્યાઓ સુધારેલ પગાર ધોરણ **(પે બેન્ડ સ્કેલ રૂા.૫૨૦૦-૨૦૨૦૦,ગ્રેડ પે ૨૮૦૦)** વાળી જગ્યાઓ પર સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી કરીને સીધી ભરતીથી નિમણૂક આપવા માટે તે જગ્યા માટે નિયત કરાયેલી શૈક્ષણિક તેમજ અન્ય લાયકાતો ધરાવતા હોય તેવા ઉમેદવારો પાસેથી **તા.૨૯-૫-૨૦૧૦** સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. મંડળ દ્વારા રાજયનાં તમામ જીલ્લાના કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્રો ઉપરથી વિતરણ કરેલ નિયત પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક મેળવીને પોતાના હસ્તાક્ષરમાં અરજીપત્રક ભરીને નિયત સમયમાં રજૂ કરવાનું રહેશે. આ જગ્યા ક્ષેત્રીય કામગીરીની હોઈ,જે માટે શારીરિક ક્ષમતા મૂળભૂત જરૂરિયાત હોઈ, શારીરિક વિકલાંગ વ્યકિતઓને અરજી ન કરવા જણાવવામાં આવે છે. પરવાનેદારના ખર્ચની નાયબ નિરીક્ષક(સબ ઈન્સ્પેકટર)વર્ગ - ૩ની ખાલી જગ્યાઓ કેટેગરીવાઈઝ નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|---|
| (૧) | સામાન્ય | ૧૯ | ૮ | ૨૭ |
| (૨) | સા.શૈ.પ.વર્ગ | ૯ | ૪ | ૧૩ |
| (૩) | અનુસુચિત જાતિ | ૨ | ૧ | ૩ |
| (૪) | અનુસુચિત જનજાતિ | ૫ | ૨ | ૭ |
| | કુલ :- | ૩૫ | ૧૫ | ૫૦ |

♦ અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

♦ માજી સૈનિક માટે નિયમોનુસાર અનામત રાખેલ -૩-જગ્યા જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

♦ આ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે યોગ્ય લાયક મહિલા ઉમેદવારો ન મળે તો જે તે કેટેગરીના યોગ્ય લાયક પુરુષ ઉમેદવારોથી આ અનામત જગ્યાઓ ભરવામાં આવશે.

❑ **પગારધોરણ :-** આ જગ્યાઓ માટે હાલ સુધારેલ પગારધોરણ પે બેન્ડ સ્કેલ રૂા.૫૨૦૦-૨૦૨૦૦,ગ્રેડ પે ૨૮૦૦ ના પગારધોરણવાળી છે. ઉમેદવાર એક વર્ષનો પ્રોબેશન પીરીયડ/ તાલીમ અને નિમણુક સત્તાધિકારી ઠરાવે તે અન્ય શરતો સંતોષકારક રીતે પુરી કર્યેથી પરવાનેદારના ખર્ચની નાયબ નિરીક્ષક (સબ ઈન્સ્પેકટર) વર્ગ-૩ ની જગ્યા ઉપર નિયમિત નિમણૂક મેળવવા પાત્ર થશે.

❑ **રાષ્ટ્રીયતા :-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ ઉમેદવાર ભારતમાંની કેન્દ્ર અથવા રાજયના વિધાન મંડળ દ્વારા પસાર કરાયેલ અધિનિયમ હેઠળ ઉભી કરાયેલ યુનિવર્સિટી અથવા સંસદના કોઈ અધિનિયમ હેઠળ સ્થાપાયેલ માન્ય શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરાયેલ શૈક્ષણિક સંસ્થાની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતકની પદવી અથવા રાજય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ હોય તેવી સ્નાતક સમકક્ષ કોઈપણ લાયકાત ધરાવતો હોવો દેઈએ.

♦ ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો ૧૯૬૭ થી ઠરાવ્યા પ્રમાણે બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈશે જે અન્વયે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબરઃ સીઆરઆર-૧૦૨૦૦૭- ૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતાં હોવા અંગેનું કોઈપણ સંસ્થાનું પ્રમાણપત્ર અથવા માન્ય યુનિવર્સિટી અથવા સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા,ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાનાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. હાલમાં આ તબકકે આવું પ્રમાણપત્ર નહીં ધરાવનાર ઉમેદવાર અરજી કરી શકશે. પરંતુ આખરી પસંદગી પામેલ આવા ઉમેદવારોએ નિમણૂક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક સત્તાધિકારી નિમણૂક 'રદ' કરી શકશે.

♦ ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાની પુરતી જાણકારી ધરાવતા હોવા જોઈશે.

❑ **વય મર્યાદા :**

♦ અરજી કરનાર ઉમેદવાર તા.૨૯-૫-૨૦૧૦ ના રોજ ૨૧ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ વયના હોવા જોઈએ નહિ.

♦ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે.

(અ) મુળ ગુજરાતના વતની હોય તેવા અનુસુચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ.

(બ) બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૫ વર્ષ.

(ક) તમામ અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત)

♦ **માજી સૈનિક:-** જે માજી સૈનિક છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય તો તેવા અને ફરજમાંથી નિયમિત રીતે ડિસ્ચાર્જ થયા હોય તેવા, માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો,તેમની ખરેખર ઉંમરમાંથી બાદ કરતાં મળતી પરિણાત્મક ઉંમર, ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.

♦ કોઈપણ સંજોગોમાં ઉપલી વયમર્યાદા નિયત તારીખે -૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો તા.૩૧-૩-૨૦૧૦નાં રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ-૨૦૦૯-૧૦નું નોનક્રિમીલેયર સર્ટીફિકેટ મામલતદારનું તા.૧-૪-૨૦૧૦ થી તા.૨૯-૫-૨૦૧૦ દરમ્યાનનું ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો અને અનામતનો લાભ મળશે.જો તેઓ ઉકત વિગતે નિયત સમય દરમ્યાનનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાનનું ધરાવતાં ન હોય તો તેઓ સામાન્ય કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવા અરજીપત્રકના કેટેગરીનાં કોલમ-૪(૩)માં 'હા' કોલમમાં ૮(ખરાની નિશાની) કરવાની રહેશે.જે કિસ્સામાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ અને અનામતનો લાભ મળશે નહીં.ફકત પરીક્ષા ફીમાંથી મુકિત મળશે.

❑ **શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/ જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોના કિસ્સામાં) તેમજ અન્ય લાયકાતો માટે નિયત તારીખ :-**

♦ તમામ ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (સા.શૈ.પ. વર્ગ ના ઉમેદવારો ના કિસ્સામાં) તેમજ અન્ય લાયકાતો તા.૨૯-૫-૨૦૧૦ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

❑ **શારીરિક લાયકાત - (૧) પુરૂષો માટેઃ-**

(અ) **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૬૨ સે.મી. (મુળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જનજાતિના પુરૂષ ઉમેદવારો માટે ઓછામાં ઓછી ૧૫૭ સે.મી.) હોવી જોઈશે.

(બ) **છાતી :** તમામ કેટેગરીના ઉમેદવારો માટે : ફુલાવ્યા વગર ઓછામાં ઓછી ૭૭ સે.મી. હોવી જોઈશે અને ફૂલાવેલી ૮૨ સે.મી. અને ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલવી જોઈશે.

(ક) **વજન :** ઓછામાં ઓછું ૫૦ કિલોગ્રામ (ગુજરાતના અનુસુચિત જનજાતિના પુરૂષ ઉમેદવારો માટે ઓછામાં ઓછું ૪૫ કિ.ગ્રામ ) હોવું જોઈશે.

♦ **મહિલાઓ માટે :-**

(અ) **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૫૦ સે.મી.(મુળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો માટે ઓછામાં ઓછી ૧૪૫ સે.મી.) હોવી જોઈશે.

(બ) **વજન :** ઓછામાં ઓછું ૪૫ કિલોગ્રામ (ગુજરાતના અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો માટે ઓછામાં ઓછું ૪૨ કિ.ગ્રામ )હોવું જોઈશે.

➔

➔

❑ **પરીક્ષા પધ્ધતિ :-**

♦ **સ્પર્ધાત્મક પરીક્ષાના તબક્કા :** નાયબ નિરીક્ષક (સબ ઈન્સ્પેક્ટર)વર્ગ-૩, નશાબંધી અને આબકારી ખાતાનાં સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો ૨૦૦૯ થી ઠરાવ્યા પ્રમાણે સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામીને સીધી ભરતીથી નિમણૂક મેળવવા માંગતા ઉમેદવારો માટે નીચે બતાવેલ બે તબક્કામાં પરીક્ષા યોજવામાં આવશે.

♦ (૧) સૌ પ્રથમ મુખ્ય પરીક્ષાના ઉમેદવારો પસંદ કરવા પ્રાથમિક પરીક્ષા(સ્ક્રીનીંગ ટેસ્ટ)સામાન્ય જ્ઞાન(હેતુલક્ષી પ્રકાર)ની-૧ કલાકની ૧૦૦ ગુણની યોજવામાં આવશે.(૨)મૌખિક કસોટી માટે લાયક ઠરેલ અને મૌખિક કસોટીમાં હાજર રહેલ ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં (લેખિત + શારીરિક કસોટી + મૌખિક કસોટી)કુલ-૪૫૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે કેટેગરીવાર ખાલી જગા ઉપર મેરિટ ક્રમાનુસાર કરવામાં આવશે.

♦ **પ્રાથમિક પરીક્ષા:-**પ્રાથમિક પરીક્ષા સામાન્ય જ્ઞાનની (હેતુલક્ષી પ્રશ્નપત્રવાળી)એક કલાકની રહેશે અને તેના કુલ ગુણ-૧૦૦ રહેશે.આ પરીક્ષામાં સામાન્ય જ્ઞાનને લગતા હેતુલક્ષી પ્રશ્નો રહેશે.જેનાં ઉત્તરો OMR ઉત્તરપત્રમાં ઠરાવેલ પધ્ધતિમાં ઉમેદવારે આપવાનાં રહેશે.પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. પ્રાથમિક પરીક્ષા સ્ક્રીનીંગ ટેસ્ટ હોઈને પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણ આખરી પસંદગી યાદી તૈયાર કરતી વેળા મેરિટ માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

પ્રાથમિક પરીક્ષા(સ્ક્રીનીંગ ટેસ્ટ)ના પરિણામના આધારે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલા ઉમેદવારોએ નીચે મુજબનાં વિવિધ તબક્કા ધરાવતી મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

♦ **મુખ્ય પરીક્ષા :-**

♦ **લેખિત પરીક્ષા:** પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્ર એટલે કે પ્રશ્નપત્ર-૩ સિવાય ગુજરાતી રહેશે.

♦ **પ્રશ્નપત્ર-૧ :** ગુજરાતી ભાષા, **સમય :** ૨ કલાક, કુલ ગુણ: ૧૦૦નું રહેશે. જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (i) | નિબંધ લેખન : | ૨૦ ગુણ |
| (ii) | પત્ર લેખન : | ૨૦ ગુણ |
| (iii) | સાર લેખન : ( Precise Writing ) : | ૨૦ ગુણ |
| (iv) | સાર ગ્રહણ : ( Comprehension) : | ૨૦ ગુણ |
| (v) | વ્યાકરણ (ગ્રામર) | ૨૦ ગુણ |

**નોંધ :-** ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજયમાં યોજતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના ધોરણથી નીચું નહીં હોય.

♦ **પ્રશ્નપત્ર-૨:** સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક કસોટી (હેતુલક્ષી પ્રશ્નોવાળુ), (OMR ઉત્તરપત્ર ), સમય: ૧ કલાક, કુલ ગુણ: ૧૦૦ નું રહેશે.

♦ **પ્રશ્નપત્ર-૩:** અંગ્રેજી, સમય: ૨ કલાક, કુલ ગુણ: ૧૦૦ નું રહેશે. જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (i) | નિબંધ લેખન (Essay Writing): | ૨૦ ગુણ |
| (ii) | સાર લેખન (Precise Writing): | ૧૦ ગુણ |
| (iii) | અહેવાલ લેખન (Report Writing): | ૨૦ ગુણ |
| (iv) | પત્ર લેખન (Letter Writing): | ૧૦ ગુણ |
| (v) | વ્યાકરણ (Grammar): | ૨૦ ગુણ |
| (vi) | ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ: | ૧૦ ગુણ |
| (vii) | અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ: | ૧૦ ગુણ |

**નોંધ :-** અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજયમાં યોદતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના ધોરણથી નીચું નહીં હોય.

♦ **શારીરિક કસોટી :** કુલ ગુણ : ૧૦૦ ની રહેશે. આ કસોટીમાં ચકાસણી દરમ્યાન જે ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શારીરિક લાયકાત ધારણ કરતો હશે તેવા ઉમેદવારોને જ શારીરિક કસોટીમાં ભાગ લેવા દેવામાં આવશે,અન્યથા ઉમેદવારી 'રદ' ગણવામાં આવશે.આ શારીરિક કસોટીમાં પાસ થવા માટે તમામ કેટેગરીનાં ઉમેદવારે ઓછામાં ઓછા એકંદરે કુલ ૫૦ ગુણ મેળવવાના રહેશે. શારીરિક કસોટીમાં નીચેના ઈવેન્ટસનો સમાવેશ થાય છે. ઈવેન્ટનાં ક્રમ મંડળ નિયત કરશે. ઈવેન્ટવાઈઝ નિયત કરેલ ધોરણને લઘુત્તમ ધોરણ તરીકે ગણવાનાં રહેશે નહીં. મંડળ, ઈવેન્ટવાઈઝ ઉમેદવારના પર્ફોમન્સનાં આધારે મંડળે ઠરાવેલ મૂલ્યાંકન પધ્ધતિ અનુસાર ગુણ ફાળવશે.

| ક્રમ | પુરૂષ ઉમેદવારો માટે કસોટીના ઈવેન્ટની વિગત અને ધોરણ | મહિલા ઉમેદવારો માટે કસોટીના ઈવેન્ટની વિગત અને ધોરણ | માર્કસ |
|---|---|---|---|
| ૧ | **૧૦૦ મીટર દોડ:** -૧૫ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | **૧૦૦ મીટર દોડ:**-૧૮ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | ૧૫ |
| ૨ | **લાંબો કુદકો:** - ૪.૨૭ મીટર કુદવાનું રહેશે. | **લાંબો કુદકો:**- ૨.૭૮ મીટર કુદવાનું રહેશે. | ૧૫ |
| ૩ | **ગોળા ફેંક :-** (૭.૨૫૭ કિ.ગ્રા ) ૫.૯૦ મીટર ફેંકવાનો રહેશે. | **ગોળા ફેંક :-** (૩.૬૨૮ કિ.ગ્રા )૩.૯૬ મીટર ફેંકવાનો રહેશે. | ૧૫ |
| ૪ | **ઉંચો કુદકો:** - ૧.૨૨ મીટર કુદવાનું રહેશે. | **ઉંચો કુદકો:**- ૦.૯૯ મીટર કુદવાનું રહેશે. | ૧૫ |
| ૫ | **૮૦૦ મીટર દોડ:**-૩ મિનિટ અને ૧૦ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | **૮૦૦ મીટર દોડ:**- ૪ મિનિટ અને ૫ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | ૪૦ |

| માજી સૈનિકો માટે કસોટીના ઈવેન્ટની વિગત અને ધોરણ | માર્કસ |
|---|---|
| **૮૦૦ મીટર દોડ:** - ૪ મિનિટમાં પુરી કરવાની રહેશે. | ૪૦ |
| **૧૦૦ મીટર દોડ:**- ૧૮ સેકન્ડમાં પુરી કરવાની રહેશે. | ૧૫ |
| **૫ મીટર શટલ:**-૧ મિનિટ લેખે ૧૨ કરવાના રહેશે. | ૧૫ |
| **સીટ અપ (બેન્ડ ની):** -૨૫ કરવાની રહેશે. | ૧૫ |
| **પુશ અપ:** - ૧૮ કરવાના રહેશે. | ૧૫ |

❑ **ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત):** કુલ ગુણ : ૫૦ રહેશે.

♦ મંડળ ધ્વારા મુખ્ય પરીક્ષાની લેખિત કસોટીમાં મંડળે ઠરાવેલ કેટેગરીવાર લઘુત્તમ લાયકીગુણ પ્રાપ્ત કરનાર અને શારીરિક કસોટીમાં પરીક્ષા નિયમોથી ઠરાવેલ લઘુત્તમ લાયકી ગુણ-૫૦ પ્રાપ્ત કરનાર લાયક ઉમેદવારોની મૌખિક કસોટી મંડળ ધ્વારા રચાયેલ ઈન્ટરવ્યૂ કમિટિ રૂબરૂ લેવામાં આવશે.

♦ ઈન્ટરવ્યૂ કમિટિ ઉમેદવારને કુલગુણ -૫૦ માંથી ગુણ આખરી કરીને ફાળવશે.જે ઉમેદવારો એન.સી.સી.નાં ''સી'' સર્ટીફિકેટ (ગ્રેડવાઈઝ)ધરાવતાં હોય,રાજય સરકાર ધ્વારા માન્ય સ્પોર્ટસ એસોસિએશન દ્વારા માન્ય રમતોમાં રાજય/રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં વ્યકિતગત પ્રથમ,દ્વિતીય કે તૃતીય સ્થાન મેળવ્યાનું કે વિજેતા ટીમમાં ભાગ લીધા બદલનું સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ નં.સીઆરઆર-૧૦૭૭-૨૬૯૦-ગ.૨ તા.૨૫-૨-૧૯૮૦ અને પ્રવર્તમાન ઠરાવોથી ઠરાવેલ નમૂના મુજબનું પ્રમાણપત્ર નિયત તારીખે ધરાવતા હોય,તેઓને ઈન્ટવ્યૂ કમિટિ ઠરાવે તેટલું વેઈટેજ(ભાર) આપવામાં આવશે.

**નોંધ :-** નેશનલ કેડેટ કોપ્સ (એન.સી.સી.) નાં ''સી'' સર્ટીફિકેટ(ગ્રેડવાઈઝ) નિયત તારીખે ધરાવતા હોય તેવા ઉમેદવારને અંતિમ પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

♦ **આખરી પરિણામ :** મંડળ મૌખિક કસોટીમાં હાજર રહેલ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં ( લેખિત કસોટી + શારીરિક કસોટી + ઈન્ટરવ્યૂ) પ્રાપ્ત કરેલ કુલ ગુણના આધારે કેટેગરીવાર ખાલી જગ્યાના પ્રમાણ અને મેરિટને ધ્યાને લઈને ઉમેદવારની મેરિટ ઉમાનુસાર પસંદગી અને પ્રતીક્ષાયાદી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરશે.

❑ **પરીક્ષા ફી :**

♦ પ્રાથમિક પરીક્ષા માટે બિન અનામત કેટેગરીના ઉમેદવારે રૂા.૧૦૦/- ની પરીક્ષા ફી બેંક ડિમાન્ડ ડ્રાફટ અથવા પોસ્ટલ ઓર્ડરમાં ''સચિવ,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગરના નામનો અરજી પત્રક સાથે જ રજૂ કરવાની રહેશે.ડિમાન્ડ ડ્રાફટ/પોસ્ટલ ઓર્ડર પાછળ અરજી પત્રકનો પ્રિન્ટેડ નંબર,અને અરજદારનું પુરૂ નામ દર્શાવવું.

♦ જે બિન અનામત કેટેગરીના ઉમેદવાર પ્રાથમિક પરીક્ષાના પરિણામના આધારે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ હશે તેવા ઉમેદવારે રૂા.૨૦૦/- મુખ્ય પરીક્ષાની ફી પેટે રોકડમાં અથવા મંડળ તે સમયે સૂચવે તે રીતે ભરવાની રહેશે.

♦ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તેમજ માજી સૈનિક હોય તેવા ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુકિત આપેલ હોઈને,પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

♦ બિનઅનામતવર્ગના ઉમેદવારે ભરેલ પરીક્ષા ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

❑ **અરજીપત્રક અંગેની સૂચનાઓ :-**

આ જાહેરાત અન્વયે મંડળ ધ્વારા રાજયનાં તમામ જિલ્લાનાં મુખ્ય મથકે આવેલ કલેકટરશ્રી હસ્તકના જનસેવા કેન્દ્ર ઉપરથી તા.૨૯-૫-૨૦૧૦ સુધી વિતરણ થઈ રહેલ નિયત પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક અરજદારે પોતાના રહેઠાણનાં જિલ્લામાં આવેલ સ્વીકાર કેન્દ્રમાંથી રૂબરૂમાં મેળવીને પોતાના હસ્તાક્ષરમાં ભરીને અરજીપત્રક નિયત સમયમર્યાદામાં જે તે જીલ્લાના મુખ્ય મથકે આવેલ કલેકટરશ્રી હસ્તકના જનસેવા કેન્દ્ર ઉપર જ રૂબરૂમાં રજુ કરવાનાં રહેશે.

♦ **અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરવાનું સ્થળ :-** રાજયના દરેક જિલ્લા મુખ્ય મથકે કલેકટરશ્રી હસ્તકનું જનસેવા કેન્દ્ર / કલેકટર કચેરી બિલ્ડીંગ.

♦ **અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરવાનો સમયગાળો :-** તા.૨૯/૫/૨૦૧૦ સુધીમાં (ફકત કામકાજના દિવસોમાં- સવારે ૧૧-૦૦ થી સાંજના ૧૭-૦૦ સુધીમાં) (રિસેસ સિવાય)(જાહેર રજાઓ સિવાય)

♦ અરજીપત્રકની ફી : (૧) બિન અનામત વર્ગ (સામાન્ય કેટેગરી)ના અરજદારે રૂા.૧૦/- (દસ પુરા) રોકડેથી ચુકવીને નિયત પ્રિન્ટેડ અરજીપત્રક જીલ્લાના મુખ્ય મથકે આવેલ જનસેવા કેન્દ્ર ઉપરથી રૂબરૂમાં નિયત સમય દરમ્યાન મેળવવાનું રહેશે. ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તેમજ માજી સૈનિક ને અરજીપત્રકની ફી ભરવામાંથી મુકિત આપેલ હોઈને જીલ્લા કલેકટર કચેરી હસ્તકના જનસેવા કેન્દ્ર ખાતે જાતિ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ કર્યેથી વિના મુલ્યે નિયત અરજીપત્રક મેળવી શકશે. અન્યથા અરજીપત્રકની નિયત ફી ચુકવવાની રહેશે.

(૩) અરજદારે ફકત મંડળ ધ્વારા વિતરણ કરેલ નિયત પ્રિન્ટેડ નંબર ધરાવતા અરજીપત્રકનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયના અરજીપત્રક ' રદ' ગણવામાં આવશે.

(૪) નિયત પ્રિન્ટેડ અરજીપત્રકની ઝેરોક્ષ/ફેકસ નકલ/ કોમ્પ્યુટરાઈઝડ/ટાઈપ નકલ કે હસ્તલિખિત નમૂનાનું અરજીપત્રક માન્ય ગણાશે નહીં અને તેવા અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે.

**નોંધ:-અરજદાર અરજીપત્રકમાં જે સરનામું દર્શાવવાના હોય તે જ જિલ્લામાં મંડળે ઉકત વિગતે નિયત કરેલ કેન્દ્રો ખાતેથી અરજીપત્રક મેળવીને યોગ્ય રીતે ભરીને તે જ સ્થળે નિયત સમયમર્યાદામાં રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે.**

♦ અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતને લગતાં કોઈપણ પ્રકારનાં બિડાણો રજૂ કરવાનાં નથી. મંડળ ધ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને પ્રાથમિક પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.મૌખિક કસોટી સમયે મંડળ ધ્વારા ઉમેદવારે અરજીમાં દર્શાવેલ જન્મતારીખ, જાતિ, (સા.શૈ.પ.વર્ગના ઉમેદવારનાં કિસ્સામાં નિયત સમયગાળામાં મામલતદારથી મેળવેલ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦નું નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ) અને શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય લાયકાતને લગતી વિગતોની અસલ પ્રમાણપત્રો સાથે ખરાઈ કરવામાં આવશે. ભરતી પ્રક્રિયાના કોઈપણ તબકકે મંડળના ધ્યાન ઉપર એ બાબત આવશે કે ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાત, વય, જાતિ કે અન્ય લાયકાત કે નિયત સમયગાળાનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ(સા.શૈ.પ.વર્ગના ઉમેદવારના કિસ્સામાં)ધરાવતાં નથી, તો જે તે તબકકે તેને ઉમેદવારી માટે અને મૌખિક કસોટી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે, અને જો આવા ઉમેદવારની પસંદગી/નિમણૂક થઈ ગયેલ હશે તો તે કોઈપણ તબકકે 'રદ' ગણવામાં આવશે. તેવા ઉમેદવાર સામે મંડળ ધ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

♦ ઉમેદવારે ભરેલ નિયત અરજીપત્રક રૂબરૂમાં જે તે જીલ્લાનાં મુખ્ય મથકે આવેલ જિલ્લા કલેકટર હસ્તકનાં જન સેવા કેન્દ્ર/ કલેકટર કચેરી બિલ્ડીંગ માં નિયત તારીખો દરમ્યાન આપીને નિયત પહોંચ મેળવી લેવાની રહેશે. આ અસલ પહોંચ ઉમેદવારે ભરતી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પુરાવા તરીકે સાચવીને રાખવાની રહેશે, અને મંડળ દ્વારા જયારે માંગવામાં આવે ત્યારે અસલ પહોંચ અચૂક રજૂ કરવાની રહેશે.

♦ જિલ્લા કલેકટર હસ્તકનાં જનસેવા કેન્દ્ર કે મંડળની કચેરીએ પોસ્ટમાં મળેલ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં, અને આવા પોસ્ટથી મળેલ અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે. જેથી ઉમેદવારોએ અરજીપત્રકો રૂબરૂમાં મેળવીને જાતે ભરીને રૂબરૂમાં જે તે જિલ્લા કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્રો /કલેકટર કચેરી બિલ્ડીંગ ઉપર નિયત તારીખો દરમ્યાન ચાલુ કામકાજના દિવસોમાં નિયત સમય દરમ્યાન રજુ કરવાના રહેશે.

♦ મંડળની કચેરીમાં કોઈ અરજીપત્રકનું વિતરણ કે સ્વીકાર કરવામાં આવશે નહીં તેમ છતાં, મંડળમાં રૂબરૂમાં કે પોસ્ટમા

➔

➔ અરજીપત્રકો મંગાવવામાં/ મોકલવામાં આવશે તો આવા અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે તેમજ આ અંગે અરજદારને કોઈ લેખિતમાં જાણ કરવામાં આવશે નહીં. તેમજ આવા કિસ્સાઓમાં પોસ્ટ મારફત મોકલેલ ફી સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.જે કોઈપણ સંજોગોમાં,મંડળ દ્વારા પરત કરવામાં આવશે નહીં.

♦ ભરેલ અરજીપત્રક પરત સ્વીકારવાની છેલ્લી તારીખ :- ૨૯/૫/૨૦૧૦ છે. આ તારીખ બાદ કોઈ અરજીપત્રક કોઈપણ પ્રકારે મંડળ દ્વારા / વતી સ્વીકારવામાં આવશે નહીં.

♦ અરજીપત્રકમાં અરજદારે પોતાની સહી કરીને તેની બાજુના ખાનામાં પુરુષ ઉમેદવારે ડાબા હાથના અંગુઠાની છાપ અને મહિલા ઉમેદવારે જમણા હાથનાં અંગુઠાની છાપ કરવાની રહેશે. અન્યથા અરજીપત્રક ક્ષતિયુક્ત ગણીને જે તે તબક્કે મંડળ દ્વારા રદ કરવામાં આવશે.

♦ ઉમેદવારે પોતાના સામાન્ય રહેઠાણવાળા જિલ્લામાં નિયત અરજીપત્રક જે તે જિલ્લા કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્ર/ કલેકટર કચેરી બિલ્ડીંગ ખાતેથી નિયત સમયમાં મેળવીને યોગ્ય રીતે જાતે ભરીને રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે એક કરતાં વધારે અરજીપત્રકો ભરેલ હશે તો તેવા કિસ્સામાં તે ઉમેદવારના તમામ અરજીપત્રકો 'રદ' કરવાપાત્ર ઠરશે.

♦ નિયત અરજીપત્રકમાં ઉમેદવારે ચોકકસ દર્શાવેલી જગ્યાએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો નિયત ખાનામાં જ ગુંદર/ ફેવીકોલથી ચોંટાડવાનો રહેશે. ટાંચણ કે સ્ટેપલર વાપરવું નહીં. ઉમેદવારે ફોટા ઉપર સહી કરવાની નથી. ઉમેદવારે તાજેતરનાં પાસપોર્ટ સાઈઝના ફોટા એક કરતા વધારે સંખ્યામાં પડાવીને તે પૈકી એક ફોટો ઉકત સૂચના મુજબ અરજીપત્રકમાં લગાવવાનો રહેશે અને બીજા ફોટા જે તે કસોટીના તબકકે લાયક ઠર્યેથી ,
જેમ કે પ્રાથમિક પરીક્ષા/લેખિત કસોટી/શારીરિક ક્ષમતા કસોટી/ ઈન્ટરવ્યૂ (મૌખિક કસોટી) દરમ્યાન હાજરીપત્રકમાં લગાવવાનો રહેશે.

♦ નિયત અરજીપત્રક ફકત અંગ્રેજી કેપીટલ અક્ષરમાં / આંકડામાં કાળી અથવા ભૂરી રીફીલ ધરાવતી બોલપેનથી યોગ્ય રીતે અને સુવાચ્ય રીતે જે તે કોલમ સામેનાં બોકસમાં જ ભરીને ઉમેદવારે પોતાની સહી અરજીપત્રકમાં ઠરાવેલ જગ્યાએ કરવાની રહેશે. તેમજ જે કોલમોમાં (✓) ની નિશાની હોય ત્યાં યોગ્ય ખાનામાં જ " ની નિશાની કરવી અન્યથા અરજીપત્રક ' રદ ' કરવામાં આવશે.

♦ આ અરજીપત્રકમાં અરજદારે જે તે કોલમની ભરવાની વિગત તેની સામે દર્શાવેલ ખાનામાં જ અંગ્રેજી કેપીટલ અક્ષર/ આંકડામાં/ કે ✓(ટીક) કાળી અથવા ભૂરી બોલપેનથી ભરવાની છે. તેમજ ફોટો પણ જે તે જગ્યાએ દર્શાવેલ ખાનામાં જ ચોંટાડવો. જો અરજદારે ઉકત સૂચના મુજબ જે તે ખાનામાં જ પોતાની વિગતો યોગ્ય રીતે દર્શાવેલ નહીં હોય તો તેવા અરજીપત્રકો જો 'રદ' થાય તો અરજદાર જવાબદાર ગણાશે. અરજદારે અરજીપત્રકને યોગ્ય રીતે સ્વહસ્તાક્ષરથી ભરીને વાળ્યા વિના જે તે કેન્દ્ર ખાતે પરત જમા કરાવવાનું રહેશે.

♦ ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ મંડળ માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબકકે 'રદ' ગણવામાં આવશે.

♦ મંડળે વિતરણ કરેલ પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક સિવાયનું અરજીપત્રક હોય, બિન અનામત (સામાન્ય કેટેગરી) વર્ગના ઉમેદવારના કેસમાં નિયત પરીક્ષા ફી વિનાનું, અધૂરી વિગતોવાળું, ખોટી માહિતી ભરેલું, ફોટા સિવાયનું, અરજદારની સહી અને અંગુઠાના નિશાન સિવાયનું , ફાટેલું કે ચોળાયેલું/ વાળેલું કે અન્ય કોઈપણ ક્ષતિયુક્ત અરજીપત્રક કોઈપણ તબકકે 'રદ' થવાને પાત્ર રહેશે. આપનું અરજીપત્રક અરજીમાં આપે આપેલ બાંહેધરી મુજબ સાચી વિગતોવાળું હોવાનું માની લઈને સ્વીકારવામાં આવેલ છે. જેથી અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતોનાં અસલ પુરાવાઓ મંડળ ધ્વારા માંગણી થયેથી કોઈપણ તબકકે મંડળ સમક્ષ યથાસમયે રજુ ન કરનાર, ચકાસણી દરમ્યાન કે અસલ પુરાવાની વિગતોનો અરજીપત્રકની વિગતો સાથે વિસંગતતા હોય કે ખોટી સાબિત થતી હોય કે નિયત લાયકાતો ધરાવતાં ન હોય તો તેવા ઉમેદવારની ઉમેદવારી/ પસંદગી / નિમણૂક 'રદ' થવાને પાત્ર રહેશે તેમજ મંડળ ધ્વારા આ ઉમેદવાર સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

♦ અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારે સક્ષમ અધિકારીથી તા.૩૧-૩-૨૦૧૦નાં રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ નું નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તા.૧/૪/૧૦ થી તા.૨૯/૫/૨૦૧૦ દરમ્યાન મામલતદારથી મેળવેલ હોય અને અરજીપત્રકમાં કેટેગરીનાં કોલમ-૪(૨)માં નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ ઉકત સમય દરમ્યાન પૈકીનું ધરાવતાં હોવાનું દર્શાવેલ હશે તો જ આ કેટેગરીની જગ્યા માટેનાં ઉપલીવયમાં છૂટછાટનાં અને અનામતનાં લાભ મળવાપાત્ર થશે.તેમજ મંડળ ધ્વારા માંગણી થયેથી ઉકત સમય દરમ્યાન મામલતદારે ઈસ્યુ કરેલ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦નું નોનક્રીમીલેયર સર્ટીફીકેટ અસલમાં ચકાસણી સારૂ રજૂ કરવાનું રહેશે. અન્યથા આવા અરજદારોનાં અરજીપત્રકો મંડળ ધ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.

♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારો ઉકત પેરા-૧૭ ની વિગતે અરજી કરતાં સમયે નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ નું નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ ધરાવતા ન હોય તો તેઓ અરજીપત્રકમાં સામાન્ય(જનરલ) કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. જે સંજોગોમાં આ અરજદારને ઉપલીવયમાં મળવાપાત્ર છૂટછાટ તેમજ અનામતના લાભ મળશે નહીં. આવા અરજદારને ફકત અરજીપત્રક ફી અને પરીક્ષા ફી માંથી મુકિત મળશે. આવા કિસ્સામાં અરજદારે અરજીપત્રકમાં કેટેગરીનાં કોલમ ૪(૩)માં તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવા માંગે છે તેવુ અચુક યોગ્ય રીતે દશાવવાનું રહેશે, અન્યથા અરજીપત્રક 'રદ' કરવામાં આવશે.

♦ મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

**❑ સામાન્ય સૂચનાઓ :-**

♦ મંડળ ધ્વારા યોજેલ આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

♦ ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી,તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂક 'રદ' કરીને પડતો મૂકી શકાશે.આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂક બાબતે નિમણૂક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

♦ આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી અને પરીક્ષા નિયમોને આધિન રહેશે.

♦ આખરી પસંદગી પામેલ ઉમેદવાર જો નીચે મુજબની શારીરિક ખામીઓ ફીટનેસ અંગે નિમણૂક સત્તાધિકારી દ્વારા થનાર મેડીકલ તપાસ સમયે ધરાવતો હશે અને મેડીકલ ફીટનેસ નિયત ધોરણો મુજબના ધરાવતો ન હોય તો આ જગ્યા માટે લાયક ગણાશે નહીં અને પસંદગી/નિમણૂક 'રદ' થવાપાત્ર ઠરશે.
(i) Knockknee (ii) Pigeon Chest (iii) Squint Eye (iv) Flat Feet (v) Varicose Veins (vi) Hammer Tees (vii) Fractured Limb (viii) Decayed Teeth (ix) Communicable or (x) Skin Disease.

♦ આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

**સચિવ.**

## અન્ય જાહેરખબર

**❑ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ : રાંચી**
**જગ્યાનું નામ :** એસોસિએટ/આસિસ્ટન્ટ
: પ્રોફેસર (બિહેવીઅર સાયન્સિસ, ઈકોનોમિક્સ, એકાઉન્ટીંગ, ફિનાન્સ, એચ.આર, લિગલ, માર્કેટીંગ, મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ, સ્ટેટેસ્ટિક્સ, ઓપરેશન્સ મેનેજમેન્ટ ડિસીઝન એનાલીસીસ, કોમ્યુનિકેશનસ, સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ, એથિક્સ, સોશ્યોલોજી, પબ્લિક પોલીસી)
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૫-૨૦૧૦**
**વેબસાઈટ :** www.iimcal.ac.in

**❑ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી : રૂરકી**
**જગ્યાનું નામ :** આસિસ્ટન્ટ પ્રોફેસર
: (આર્કિટેક્ચર એન્ડ પ્લાનીંગ, બાયોટેકનોલોજી, કેમિકલ એન્જિનિયરીંગ, કેમેસ્ટ્રી, સિવિલ એન્જિનિયરીંગ, અર્થ સાયન્સ, અર્થક્વેક એન્જિનિયરીંગ, ઈલે. એન્જિનિયરીંગ, હ્યુમીનીટીઝ, સોશ્યલ એન્ડ સાયન્સ, હાઈડ્રોલોજી, મેનેજમેન્ટ સ્ટડીઝ, મેથેમેટીક્સ, મિકે. એન્ડ ઈન્ડસ્ટ્રીયલ એન્જિ., મેટાલર્જીકલ એન્ડ મટીરીયલ એન્જિ., ફિઝિક્સ, પેપર ટેક્નોલોજી, વોટર રિર્સોસીસ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ, અલ્ટરનેટ હાઈડ્રો એનર્જી સેન્ટર ઓફ ટેક્નોલોજી.
**જગ્યાની સંખ્યા :** ૧૨૦
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૦-૬-૨૦૧૦
**વેબસાઈટ :** www.iitr.ac.in / www.iitr.ernet.in

**❑ એનટીપીસી-ભેલ પાવર પ્રોજેક્ટસ પ્રા. લી : નોઈડા**
**જગ્યાનું નામ :** સિનિ. એક્ઝિક્યુટીવ, ડે. મેનેજર, મેનેજર, સિનિ. મેનેજર, ડે. જનરલ મેનેજર
**જગ્યાની સંખ્યા:** ૬૪
**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૧-૫-૨૦૧૦
**વેબસાઈટ :** www.nbppl.in

**❑ એન્જિનિયર્સ ઈન્ડિયા લિ : નવી દિલ્હી**
**જગ્યાનું નામ :** મેનેજમેન્ટ ટ્રેઈની, એન્જિનીયર
**જગ્યાની સંખ્યા:** ૯૭
**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૫-૨૦૧૦**
**વેબસાઈટ :** Http : //www.enjineersindia.com.

**❑ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ : નવી દિલ્હી**
**જગ્યાનું નામ :** સાયન્ટિસ્ટ
**જગ્યાની સંખ્યા:** ૦૫
**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૮-૬-૨૦૧૦
**વેબસાઈટ :** Http : //www.niscair res.in.
(ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, તા. ૧૨-૫-૨૦૧૦)

# The Shipping Corporation of India Ltd.

(A Government of India Enterprise)

FLEET PERSONNEL DEPARTMENT

Regd. Office - "Shipping House", 245, Madame Cama Road, Mumbai - 400 021. **www.shipindia.com**
Inviting application, from Unmarried Male and Female Graduate Engineers for Recruitment as'

## TRAINEE MARINE ENGINEER

**Last date of receipt of application is 30th June 2010.**

- **QUALIFICATION:** Degree in Mechanical Engineering/ Naval Architecture from AICTE Approved Engineering college. Equivalent degree or degree with specialization or electives are not acceptable. Candidates must be in possession of valid degree in Engineering certificate with minimum 50% marks in final year of Engineering and should have secured at least 50% marks in English language at Xth or XIIth.
- **AGE LMITS:** Maximum 28 years as on 1" January 2011. Candidate must be born on or after 01.01.1983. Relaxations applicable to SC/ST candidate as per existing Govt, directive^. Age relaxation of two years for women candidates.
- **MEDICAL STANDARD:** Candidate must have, good health and are to be fit for sea service as per existing MS medical rules 2000 applicable to sea farers. .
- **MERCHANTILE MARINE PERSONALITY EVALUATION TEST (MMPE):** Candidate should pass Mercantile marine personality evaluation test (MMPE), to be conducted at D. G. Shipping nominated centers i.e. M.T.I. & L.B.S.CAMSAR Mumbai, MERI Kolkata, NIPM Chennai MMD Kochi and MMD Noida.
- **EYESIGHT:** Candidate must have good health and eye sight in general. Defective colour vision (colour blindness) NOT accepted.
- **DURATION OF TRAINING & COURSE FEES:** The training is for 12 months and fees are approximately Rs.3,00,000/- at present. Candidate to pay for these fees directly to the training institute. These fees once paid are not refundable at any stage either in full or part.
- **APPLICATION FEES:** Rs. 1000/- for General & OBC candidate's Rs.500/- for SC & ST candidate's. (Demand Draft to be drawn in favour of: The Shipping Corporation Of India Ltd, Mumbai)
- **JOB PROSPECTS:** After completion of training and obtaining MEO CLASS-IV PART "A" certificates of competency the candidates will join as junior (fifth) Engineer in ship owned or operated by SCI, and will be made permanent after report with MEO CLASS-IV PART "B" certificate. After obtaining necessary sea experience and higher certificates of competence the candidate can rise to the rank of Chief Engineer officer in the ship. Last date for receipt of applications 30th June 2010 -1700 hrs.

♦ **All India written examination:** 01st August 2010.

♦ **Commencement of training:** 01.01.2011.

Applications complete in all respect are to be sent to the **Sr.Vice President (Fleet personnel) Shipping Corporation of India Ltd; Shipping House; 245 Madanie Cama Road; Mumbai -400021** to reach not later than 1700 hrs on 30th June 2010. Number of intake 6f candidates may vary at any stage.

♦ For details/application format and other related information please visit website **www. shipindia.com/ current vacancies/TME2011**

APPLICATION FOR THE POST OF TRAINEE MARINE ENGINEER

(TO BE FILLED IN CAPITAL LETTERS ONLY)

1. Full Name : ____________________
   (As per School Leaving certificate)
2. Sex: Male/Female :____________________
3. Mailing Address: ____________________
   ____________________
   ____________________
   Pin Code: ____________________
4. Contact Phone no.: STD Code: __________ Tel No. :__________
5. Date of Birth: | D | D | M | M | Y | Y |
6. Test Centre Desired (put tick mark): ☐ Mumbai ☐ Kolkata ☐ Delhi ☐ Chennai
7. Category (put tick mark): ☐ GEN ☐ SC ☐ ST ☐ OBC
8. Name and Address of Engineering College Graduated From __________
   DISCIPLINE: MECHANICAL ENGINEERING / NAVAL ARCHITECTUREP
9. Particulars of Demand Draft:
   Write your Name in CAPITALS on the reverse of the Demand Draft)

| Name & Address of the Bank | D:D. No. | Date of Issue | Amount (Rupees) |
|---|---|---|---|
| | | | |

**Declaration:** I hereby declare that all statement made in this application are true, complete and correct to the best of my knowledge and belief. I understand that in the event of any information being found false or incorrect, my candidature/appointment is liable to be rejected/terminated.

Place : Signature of the applicant

Date :

# ERNET India

**Electronics Niketan, 6, CGO Complex, Lodhi Road, New Delhi-110003**

**Last date for receipt of application 4-6-2010.**

ERNETIndia, an autonomous scientific society under Department of Information Technology, M/o Communications & Information Technology, has been set up with the main objectives of developing, setting up and operating a nationwide state-of-art Computer Communication Infrastructure, to undertake and promote education, research & development, training and standardization in the area of computer networking and information technology and to develop options for consideration of the Government for development of information infrastructure and computer networking in the country.

ERNET India is looking for suitable personnel for the following Technical and non-technical contractual manpower under sponsored projects on consolidated remuneration as per details given below. The number of posts to be filled up, place of posting and remuneration to be paid are as under:-

| S. No. | Name of the Post | Maximum Age* | No. of Posts | Place of | Consolidated Monthly Remuneration |
|---|---|---|---|---|---|
| I | Technical | | | | |
| 1. | Sr. Project Engineer | 35 years | 03 (UR) | 02-New Delhi<br>01 -Bangalore | 32,000/- |
| 2. | Project Engineer | 30 years | 09(06-UR<br>02-OBC & 01-SC) | 06-New Delhi<br>03 -Bangalore | 27,000/- |
| 3. | Junior Project Engineer | 30 years | 01 (UR) | New Delhi | 17,000/- |
| II | Non-Technical | | | | |
| 4. | Sr. Finance Executive | 40 years | 01 (UR) | New Delhi | 37,000/- |
| 5. | Administrative Officer | 35 years | 01 (UR) | Bangalore | 27,000/- |
| 6. | Marketing Manager | 35 years | 02 (UR) | 01-New Delhi<br>01-Bangalore | 27,000/- |

* Govt. Orders regarding age relaxations to various categories of candidates will be applicable.

The appointments will be for specific projects. Theappointments will be co-terminus with the duration of the projects. However, the appointments will be for a maximum period of three years subject to performance of the individual to be reviewed on year to year basis.Interested persons may log on to our website **www.eis.ernet.in** for further details regarding eligibility criteria and submit their applications in the prescribed proforma to the Registrar & CPO, ERNET India, Electronics Niketan, 6 CGO Complex, New Delhi-110003, up to 4-6-2010

Registrar & Chief Personnel Officer

## અન્ય જાહેરખબર

- **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા : મુંબઈ**
  જગ્યાનું નામ : પ્રોબેશનરી ઓફિસર
  જગ્યાની સંખ્યા : ૫૦૦
  ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૫-૬-૨૦૧૦
  વેબ સાઈટ : www.centralbankofindia.co.in
- **વિશ્વ ભારતી શાંતિનિકેતન : વિરભૂમ**
  જગ્યાનું નામ : પ્રોફેસર, રીડર, લેકચરર, આસિ. લેકચરર, એકમ્પનીસ્ટ, ટેકનિકલ આસિ. સહિત વિવિધ શૈક્ષણિક/બિન શૈક્ષણિક જગ્યાઓ
  જગ્યાની સંખ્યા : ૧૩૩
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૮-૬-૨૦૧૦
  વેબ સાઈટ : www.visva-bharati.ac.in
- **કમલા નહેરૂ કોલેજ : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : આસિ. પ્રોફેસર/લેકચરર (ઈકોનોમિક્સ, અંગ્રેજી, જર્નાલિઝમ, જીઓગ્રાફી, હિસ્ટરી, મેથેમેટિક્સ, ફિલોશોપી, પોલિટીકલ સાયન્સ, સાયકોલોજી, સોશ્યોલોજી)
  જગ્યાની સંખ્યા : ૧૪
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૫-૨૦૧૦
  વેબ સાઈટ : www.kamalanehru college.org
- **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન**
  જગ્યાનું નામ : આસિ. નેવલ સ્ટોર ઓફિસર (ઈલે./મિકે. એન્જિ./ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિ. કોમ્યુ.) મેનેજર, જુ. સેન્ટ્રલ ગર્વન્મેન્ટ એડવોકેટ, ડે. ડાયરેક્ટર (ડિઝાઈન)
  જગ્યાની સંખ્યા : ૩૫
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૮-૫-૨૦૧૦
  વેબ સાઈટ : www.upsc.gov.in
- **બ્રોડકાસ્ટ એન્જિનિયરીંગ કન્સલટન્ટસ ઈન્ડિયા લિ. : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : જોઈન્ટ જનરલ મેનેજર, મેનેજર (ફિનાન્સ), મેનેજર (એચઆર/એડમિનિસ્ટ્રેશન), ડે. મેનેજર (ફિનાન્સ/ બી.ડી.), મેનેજમેન્ટ ટ્રેઈની (પ્રોજેક્ટ/બી.ડી.)
  જગ્યાની સંખ્યા : ૦૭
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૫-૨૦૧૦
  વેબ સાઈટ : www.becil.com
- **નવોદયા વિદ્યાલય સમિતિ : શિલોંગ**
  જગ્યાનું નામ : પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચર (કોમર્સ/ઈકોનોમિક્સ), ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ ટીચર (હિન્દી, અંગ્રેજી, મેથ્સ, સાયન્સ, સોશ્યલ સાયન્સ, આર્ટસ, મ્યુઝિક, ફિઝિકલ એજ્યુકેશન, લાયબ્રેરીયન)
  જગ્યાની સંખ્યા : ૧૩૧
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૭-૬-૨૦૧૦
  વેબ સાઈટ : www.nvsroshillong.gov.in
- **ભારતીય નાભીકીય વિદ્યુત નિગમ લિ. : કલપક્કમ**
  જગ્યાનું નામ : ટેકનિકલ ઓફિસર-C (મિકે./ઈલે. એન્ડ ઈન્સ્ટ્રુ/હેલ્થ ફિઝિક્સ/ કેમિકલ/ફિઝિક્સ/કેમેસ્ટ્રી )
  જગ્યાની સંખ્યા : ૩૨
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૯-૫-૨૦૧૦
  વેબ સાઈટ : www.bhavini.co.in/ www.bhavini.co.in
- **સેન્ટ્રલ બિલ્ડીંગ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ : રૂરકી**
  જગ્યાનું નામ : સાયન્ટિસ્ટ, ટેકનિકલ સ્ટાફ, રિસર્ચ ઈન્ટર્નસ
  જગ્યાની સંખ્યા : ૧૦૫
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧-૬-૨૦૧૦
  વેબ સાઈટ : www.cbri.res.in
- **સિક્યૂરીટી પ્રિન્ટીંગ એન્ડ મીન્ટીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. : નવી દિલ્હી**
  જગ્યાનું નામ : ઓફિસર (ટેકનિકલ)
  જગ્યાની સંખ્યા : ૧૨
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૭-૫-૨૦૧૦
- **સેન્ટ્રલ એમ્પ્લોયમેન્ટ એક્ષચેંજ**
  જગ્યાનું નામ : આર્ટિસ્ટ, યુનીટ મેનેજર, રિસર્ચ આસિસ્ટન્ટ (એન્જિનિયરીંગ, રિસર્ચ આસિસ્ટન્ટ, (સાયન્ટિફિક), વોકેશનલ ઈન્સ્ટ્રકટર (ઈલે./મશીનીસ્ટ/વેલ્ડર, મિકે. મોટર વ્હીકલ)
  જગ્યાની સંખ્યા : ૩૯
  અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૫-૨૦૧૦

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૮-૫-૨૦૧૦)

*(અનુસંધાન પાના નંબર ૮ નું ચાલુ...)*

અને હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ દ્વારા લેવાતી હાયર સેકન્ડરી સ્કુલ સર્ટીફિકેટ એકઝામિનેશન (ધોરણ-૧૨) સમકક્ષ રહેશે.

- ♦ લેખિત કસોટીમાં મંડળ ઠરાવે તેટલા કેટેગરી વાર લઘુત્તમ લાયકી ગુણ, પ્રાપ્ત કરનાર ઉમેદવારને જ રૂબરુ મુલાકાત (ઈન્ટરવ્યૂ) માટે લાયક ઠરાવવામાં આવશે.
- ♦ મંડળ આ સંવર્ગ માટે મળેલ અરજીઓનું પ્રમાણ ધ્યાને લઈને શારીરિક ક્ષમતા કસોટી અને લેખિત કસોટી નો ક્રમ નકકી કરી શકશે.

❑ **ઈન્ટરવ્યૂ (રૂબરૂ મુલાકાત) :- કુલ ગુણ : ૨૫**

ઉપર દર્શાવેલ લેખિત કસોટીના અંતે મંડળ ઠરાવે તેટલા કેટેગરી વાર લઘુત્તમ લાયકી ગુણ લેખિત પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ઉમેદવારોને જ ઈન્ટરવ્યૂ (રૂબરૂ મુલાકાત) માટે મંડળની ઈન્ટરવ્યૂ કમિટિ સમક્ષ બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યૂ (રૂબરૂ મુલાકાત)ના કુલ ગુણ ૨૫ રહેશે.

- ♦ ઈન્ટરવ્યૂ કમિટિ ઉમેદવારને કુલગુણ -૨૫ માંથી ગુણ આખરી કરીને ફાળવશે.જે ઉમેદવારો એન.સી.સી.નાં ''સી'' સર્ટીફિકેટ (ગ્રેડવાઈઝ)ધરાવતાં હશે,રાજય સરકાર ધ્વારા માન્ય સ્પોર્ટસ એસોસિએશન દ્વારા માન્ય રમતોમાં રાજય કે રાષ્ટ્રીય સ્પર્ધામાં વ્યકિતગત પ્રથમ,દ્વિતીય કે તૃતીય સ્થાન મેળવ્યું હોય કે વિજેતા ટીમમાં ભાગ લીધા બદલનું સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ નં.સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ.૨,તા.૨૫-૨-૧૯૮૦ અને પ્રવર્તમાન ઠરાવોથી ઠરાવેલ નમૂના મુજબનું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો ઈન્ટરવ્યૂમાં કમિટિ ધ્વારા વેઈટેજ (ભાર)આપવામાં આવશે.

**નોંધ :-** નેશનલ કેડેટ કોપ્સ (એન.સી.સી.) નાં ''સી'' સર્ટીફિકેટ(ગ્રેડવાઈઝ) નિયત તારીખે ધરાવતા હોય તેવા ઉમેદવારને અંતિમ પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

- ♦ **આખરી પરિણામ :** મંડળ મૌખિક કસોટીમાં હાજર રહેલ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં ( લેખિત કસોટી +ઈન્ટરવ્યૂ) પ્રાપ્ત કરેલ કુલ ગુણના આધારે કેટેગરીવાર ખાલી જગ્યાના પ્રમાણ અને મેરિટને ધ્યાને લઈને જે તે કેટેગરીવાર મેરિટ ક્રમાનુસાર ઉમેદવારની પસંદગી અને પ્રતીક્ષાયાદી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરશે.

❑ **પરીક્ષા ફી :**

(૧)બિન અનામત વર્ગ (સામાન્ય કેટેગરી) ના અરજદારે અરજીપત્રક રૂબરુમાં રજુ કરતા સમયે પરીક્ષા ફી પેટે રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)નો બેંક ડિમાન્ડ ડ્રાફટ અથવા પોસ્ટલ ઓર્ડરમાં ''સચિવ,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના નામનો અરજીપત્રક સાથે જ રજૂ કરવાનાં રહેશે. તેમજ બેંક ડિમાન્ડ ડ્રાફટ/પોસ્ટલ ઓર્ડર પાછળ અરજીપત્રકનો પ્રિન્ટેડ નંબર અને અરજદારનું પુરૂ નામ દર્શાવવાનુ રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુકિત આપેલ હોઈને પરીક્ષા ફી જમા કરાવવાની રહેતી નથી.

(૩) બિન અનામત વર્ગના અરજદારોએ ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

❑ **અરજીપત્રક અંગેની સૂચનાઓ :-**

આ જાહેરાત અન્વયે મંડળ ધ્વારા રાજયનાં તમામ જિલ્લાનાં મુખ્ય મથકે આવેલ કલેકટરશ્રી હસ્તકના જનસેવા કેન્દ્ર ઉપરથી તા.૨૯/૫/૨૦૧૦ સુધી વિતરણ થઈ રહેલ નિયત પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક અરજદારે પોતાના રહેઠાણનાં જિલ્લામાં આવેલ સ્વીકાર કેન્દ્રમાંથી રૂબરૂમાં મેળવીને પોતાના હસ્તાક્ષરમાં ભરીને અરજીપત્રક નિયત સમયમર્યાદામાં જે તે જિલ્લાના મુખ્ય મથકે આવેલ કલેકટરશ્રી હસ્તકના જનસેવા કેન્દ્ર ઉપર જ રૂબરૂમાં રજુ કરવાનાં રહેશે.

❑ **અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરવાનું સ્થળ :-**

રાજયના દરેક જિલ્લા મુખ્ય મથકે કલેકટરશ્રી હસ્તકનું જનસેવા કેન્દ્ર / કલેકટર કચેરી બિલ્ડીંગ.

❑ **અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરવાનો સમયગાળો :-**

તા.૨૯/૫/૨૦૧૦ સુધીમાં (ફકત કામકાજના દિવસોમાં-સવારે ૧૧-૦૦ થી સાંજના ૧૭-૦૦ સુધીમાં) (રિસેસ સિવાય) (જાહેર રજાઓ સિવાય)

- ♦ **અરજીપત્રકની ફી :** (૧) બિન અનામત વર્ગ (સામાન્ય કેટેગરી)ના અરજદારે રૂા.૧૦/- (દસ પુરા) રોકડેથી ચુકવીને નિયત પ્રિન્ટેડ અરજીપત્રક જિલ્લાના મુખ્ય મથકે આવેલ જનસેવા કેન્દ્ર ઉપરથી રુબરુમાં નિયત સમય દરમ્યાન મેળવવાનું રહેશે. ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.
- ♦ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તેમજ માજી સૈનિક ને અરજીપત્રકની ફી ભરવામાંથી મુકિત આપેલ હોઈને જિલ્લા કલેકટર કચેરી હસ્તકના જનસેવા કેન્દ્ર ખાતે જાતિ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ રજુ કર્યેથી વિના મુલ્યે નિયત અ ર જી પ ત્ર ક મેળવી શકશે. અન્યથા અરજીપત્રકની નિયત ફી ચુકવવાની રહેશે.
- ♦ અરજદારે ફકત મંડળ ધ્વારા વિતરણ કરેલ નિયત પ્રિન્ટેડ નંબર ધરાવતા અરજીપત્રકનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયના અરજીપત્રક '' રદ '' ગણવામાં આવશે.
- ♦ નિયત પ્રિન્ટેડ અરજીપત્રકની ઝેરોક્ષ/ફેકસ નકલ/કોમ્પ્યુટરાઈઝડ/ટાઈપ નકલ કે હસ્તલિખિત નમુનાનું અરજીપત્રક માન્ય ગણાશે નહીં અને તેવા અરજી પત્રકો આપો આપ ''રદ'' ગણવામાં આવશે.

**નોંધઃ- અરજદાર અરજીપત્રકમાં જે સરનામું દર્શાવવાના હોય તે જ જિલ્લામાં મંડળે ઉકત વિગતે નિયત કરેલ કેન્દ્રો ખાતેથી અરજીપત્રક મેળવીને યોગ્ય રીતે ભરીને તે જ સ્થળે નિયત સમયમર્યાદામાં રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે.**

- ♦ અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત,વય,જાતિ,અન્ય લાયકાતને લગતાં કોઈપણ પ્રકારનાં બિડાણો રજૂ કરવાનાં નથી.મંડળ ધ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.મૌખિક કસોટી સમયે ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મતારીખ, વય, શૈક્ષણિક લાયકાત, જાતિ, કેટેગરી અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનાં ઉમેદવારોથી નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ(નાણાંકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦)નું મામલતદારે તા૧/૪/૨૦૧૦ થી તા૨૯/૫/૨૦૧૦ દરમ્યાન ઈસ્યુ કરેલ હોય તે ચકાસણી સારૂ કે અન્ય લાયકાતોનાં જરૂરી દસ્તાવેજો, અસલ પુરાવાઓ મંડળ મંગાવશે, જેમાં ચકાસણી દરમ્યાન ક્ષતિ જણાયે તેવા ઉમેદવારોને જે તે તબકકે તેને ઉમેદવારી માટે અને મૌખિક કસોટી માટે મંડળ ધ્વારા ગેરલાયક ઠરાવવામાં આવશે,અને જો આવા ઉમેદવારની પસંદગી / નિમણૂક થઈ ગયેલ હશે તો તે કોઈપણ તબકકે ''રદ'' ગણવામાં આવશે.તેવા ઉમેદવાર સામે મંડળ ધ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.
- ♦ ઉમેદવારે ભરેલ નિયત અરજીપત્રક રૂબરૂમાં જે તે જિલ્લાની જિલ્લા કલેકટર હસ્તકનાં જન સેવા કેન્દ્રમાં નિયત તારીખો દરમ્યાન આપીને નિયત પહોંચ મેળવી લેવાની રહેશે. આ અસલ પહોંચ ઉમેદવારે ભરતી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પુરાવા તરીકે સાચવીને રાખવાની રહેશે, અને મંડળ ધ્વારા જયારે માંગવામાં આવે ત્યારે અસલ પહોંચ અચૂક રજૂ કરવાની રહેશે.
- ♦ જિલ્લા કલેકટર હસ્તકનાં જનસેવા કેન્દ્ર કે મંડળની કચેરીએ પોસ્ટમાં મળેલ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં, અને આવા પોસ્ટમાં મળેલ અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે. જેથી ઉમેદવારોએ અરજીપત્રકો રૂબરૂમાં મેળવીને જાતે ભરીને રૂબરૂમાં જે તે જિલ્લા કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્રો ઉપર નિયત તારીખો દરમ્યાન ચાલુ કામકાજના દિવસોમાં નિયત સમય દરમ્યાન રજુ કરવાના રહેશે.
- ♦ મંડળની કચેરીમાં કોઈ અરજીપત્રકનું વિતરણ કે સ્વીકાર કરવામાં આવશે નહીં તેમ છતાં, મંડળમાં રૂબરૂમાં કે પોસ્ટમાં અરજીપત્રકો મંગાવવામાં/ મોકલવામાં આવશે તો આવા અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે તેમજ આ અંગે અરજદારને કોઈ લેખિતમાં જાણ કરવામાં આવશે નહીં. તેમજ આવા કિસ્સાઓમાં પોસ્ટ મારફત મોકલેલ ફી સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.જે કોઈપણ સંજોગોમાં,મંડળ ધ્વારા પરત કરવામાં આવશે નહી.
- ♦ ભરેલ અરજીપત્રક જે તે જિલ્લાનાં જનસેવા કેન્દ્ર ખાતે રૂબરૂમાં પરત સ્વીકારવાની **છેલ્લી તારીખ :- ૨૯/૫/૨૦૧૦** છે. આ તારીખ બાદ કોઈ અરજીપત્રક કોઈપણ પ્રકારે મંડળ ધ્વારા / વતી સ્વીકારવામાં આવશે નહીં.
- ♦ અરજીપત્રકમાં અરજદારે પોતાની સહી કરીને તેની બાજુના ખાનામાં પુરુષ ઉમેદવારે ડાબા હાથના અંગૂઠાની છાપ અને મહિલા ઉમેદવારે જમણા હાથના અંગુઠાની છાપ કરવાની રહેશે. અન્યથા અરજીપત્રક ક્ષતિયુકત ગણીને જે તે તબકકે મંડળ ધ્વારા રદ કરવામાં આવશે.
- ♦ ઉમેદવારે પોતાના સામાન્ય રહેઠાણવાળા જિલ્લામાં નિયત અરજીપત્રક જે તે જિલ્લા કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્ર/કલેકટર કચેરી બિલ્ડીંગ ખાતેથી નિયત સમયમાં મેળવીને યોગ્ય રીતે જાતે ભરીને રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે એક કરતાં વધારે અરજીપત્રકો ભરેલ હશે તો તેવા કિસ્સામાં તે ઉમેદવારના તમામ અરજીપત્રકો 'રદ' કરવાપાત્ર ઠરશે.
- ♦ નિયત અરજીપત્રકમાં ઉમેદવારે ચોકકસ દર્શાવેલી જગ્યાએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો નિયત ખાનામાં જ ગુંદર/ ફેવીકોલથી ચોંટાડવાનો રહેશે. ટાંચણ કે સ્ટેપલર વાપરવું નહીં.ઉમેદવારે ફોટા ઉપર સહી કરવાની નથી. ઉમેદવારે તાજેતરનાં પાસપોર્ટ સાઈઝના ફોટા એક કરતા વધારે સંખ્યામાં પડાવીને તે પૈકી એક ફોટો ઉકત સૂચના મુજબ અરજીપત્રકમાં લગાવવાનો રહેશે અને લાયક ઠર્યેથી બીજા ફોટા જે તે કસોટીના તબકકે જેમ કે શારીરિક કસોટી/લેખિત કસોટી/ઈન્ટરવ્યૂ (મૌખિક કસોટી) દરમ્યાન હાજરીપત્રકમાં લગાવવાનો રહેશે.
- ♦ નિયત અરજીપત્રક ફકત અંગ્રેજી કેપીટલ અક્ષરમાં / આંકડામાં કાળી અથવા ભૂરી રીફીલ ધરાવતી બોલપેનથી યોગ્ય રીતે અને સુવાચ્ય રીતે જે તે કોલમ સામે દર્શાવેલ બોકસમાં જ ભરીને ઉમેદવારે પોતાની સહી અને અગુંઠાનું નિશાન અરજીપત્રકમાં ઠરાવેલ જગ્યાએ કરવાની રહેશે.તેમજ જે કોલમોમાં (✓) ની નિશાની હોય ત્યાં યોગ્ય ખાનામાં જ ✓ ની નિશાની કરવી અન્યથા અરજીપત્રક 'રદ' કરવામાં આવશે.
- ♦ આ અરજીપત્રકમાં અરજદારે જે તે કોલમની ભરવાની વિગત તેની સામે દર્શાવેલ ખાનામાં જ અંગ્રેજી કેપીટલ અક્ષર/ આંકડામાં/ કે '✓' (ટીક) કાળી અથવા ભૂરી બોલપેનથી ભરવાની છે. તેમજ ફોટો પણ જે તે જગ્યાએ દર્શાવેલ ખાનામાં જ ચોંટાડવો. જો અરજદારે ઉકત સૂચના મુજબનાં ખાનામાં જ પોતાની વિગતો યોગ્ય રીતે દર્શાવેલ નહીં હોય તો તેવા અરજીપત્રકો જો 'રદ' થાય તો અરજદાર જવાબદાર ગણાશે. અરજદારે અરજીપત્રકને યોગ્ય રીતે સ્વહસ્તાક્ષરથી ભરીને વાળ્યા વિના જે તે કેન્દ્ર ખાતે પરત જમા કરાવવાનું રહેશે.
- ♦ ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ મંડળ માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબકકે 'રદ' ગણવામાં આવશે.
- ♦ મંડળે વિતરણ કરેલ પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક સિવાયનું અરજીપત્રક હોય, બિન અનામત (સામાન્ય કેટેગરી) વર્ગના ઉમેદવારના કેસમાં નિયત પરીક્ષા ફી વિનાનું, અધૂરી વિગતોવાળું, ખોટી માહિતી ભરેલું, ફોટા સિવાયનું, અરજદારની સહી અને અંગુઠાના નિશાન સિવાયનું , ફાટેલું કે ચોળાયેલું/ વાળેલું કે અન્ય કોઈપણ ક્ષતિયુકત અરજીપત્રક કોઈપણ તબકકે 'રદ' થવાને પાત્ર રહેશે. આપનું અરજીપત્રક અરજીમાં આપે આપેલ બાંહેધરી મુજબ સાચી વિગતોવાળુ હોવાનુ માની લઈને સ્વીકારવામાં આવેલ છે. જેથી અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતોનાં અસલ પુરાવાઓ મંડળ ધ્વારા માંગણી થયેથી કોઈપણ તબકકે મંડળ સમક્ષ યથાસમયે રજુ ન કરનાર, ચકાસણી દરમ્યાન કે અસલ પુરાવાની વિગતોનો અરજીપત્રકની વિગતો સાથે વિસંગતતા હોય કે ખોટી સાબિત થતી હોય કે નિયત લાયકાતો ધરાવતાં ન હોય તો તેવા ઉમેદવારની ઉમેદવારી/ પસંદગી / નિમણૂક 'રદ' થવાને પાત્ર રહેશે તેમજ મંડળ ધ્વારા આ ઉમેદવાર સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- ♦ અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.
- ♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારે તા.૩૧-૩-૨૦૧૦નાં રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ નું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ મામલતદારથી તા.૧/૪/૧૦ થી તા.૨૯/૫/૨૦૧૦ દરમ્યાન મેળવેલ હોય અને અરજીપત્રકમાં કેટેગરીનાં કોલમ-૪(૨) માં નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ ઉકત સમય દરમ્યાનનું ધરાવતાં હોવાનુ યોગ્ય રીતે અચુક દર્શાવેલ હશે તો જ આ કેટેગરીની જગ્યા માટેનાં ઉપલી વયમાં છૂટછાટનાં અને અનામતના લાભ મળવાપાત્ર થશે. તેમજ મંડળ ધ્વારા માંગણી થયેથી ઉકત સમય દરમ્યાન મામલતદારે ઈસ્યુ કરેલ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦નું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ અસલમાં ચકાસણી સારૂ રજૂ કરવાનું રહેશે. અન્યથા આવા અરજદારોનાં અરજીપત્રકો મંડળ ધ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.
- ♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારો ઉકત પેરા-૧૭ ની વિગતે અરજી કરતાં સમયે નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ નું નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ ધરાવતા ન હોય તો તેઓએ અરજીપત્રકમાં સામાન્ય(જનરલ)કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. જે સંજોગોમાં આવા અરજદારને

*(અનુસંધાન પાના નંબર ૭ ઉપર...)*

# વિદેશગમન ઇન્ટરવ્યૂ

સૈકાઓથી આપણે ત્યાં ધંધારોજગાર અભ્યાસાર્થે વિદેશગમન પ્રથા છે. વ્યાપારીઓ, સાહસિકો અને જ્ઞાનપિપાસુઓ અણઘડ વાહનવ્યવહારની સગવડતા વચ્ચે અનેક તકલીફો વેઠીને પણ વેપારવણજ ખેડતા. કેટલાક સફળતાથી પરત થતા કે કેટલાક જીવનભર વિદેશમાં જ સ્થાયી થતાં. દેશના ઘણા આગેવાન નેતાઓ, તજજ્ઞોએ વર્ષોથી ICS, બેરિસ્ટર, વૈજ્ઞાનિક થવા કે તે પ્રકારના ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશની સફરો કરેલી છે. આ પ્રથા સમયે અમુક ડોક્યુમેન્ટેશન, રસીકરણ વગેરે પ્રક્રિયા થતી પણ પાસપોર્ટ, વીઝા વગેરે દસ્તાવેજીકરણ પ્રક્રિયા અને વિદેશોના ટાર્ગેટિવ કડક નિયંત્રણોને પરિણામે વિદેશગમનના આ ક્ષેત્રમાં પણ ક્વોલિફાઇંગ પરીક્ષાઓ અને ઇન્ટરવ્યૂ પધ્ધતિ જુદા જુદા સ્વરૂપે આવી છે.

**વિદેશગમનના પ્રકારો :**

વિદેશગમનના હેતુ મુજબ પ્રકારો છે; તે જોઇએ :

(1) **ઉચ્ચ અભ્યાસ :** વિદેશમાં U.S., U.K., જર્મની, ફ્રાંસ રશિયા, જાપાન જેવા અનેક દેશામાં ઉચ્ચ અભ્યાસની સવલતો અને આકર્ષણ છે. મોટા ભાગે IT., તબીબી, ઇજનેરી, વિજ્ઞાન, ભાષા, મેનેજમેન્ટ જેવા ક્ષેત્રમાં ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએશન, Ph.D. સંશોધન માટે વિદ્યાર્થીઓ સહેતુક મર્યાદિત સમય માટે વિદેશ જાય છે. કેટલાક ત્યાં સ્થાયી થાય છે. કેટલાક પરત થાય છે. આ વિદેશગમન માટે કેટલીક ભાષાકીય અને અન્ય પરીક્ષાઓ જેવી કે TOEFL, SAT, GRE. વગેરે થાય છે. જે તે યુનિવર્સિટીના સ્ટડી ઓફર કે એડમિશન લેટર બાદની પ્રક્રિયા સમયે જુદા જુદા દેશની એમ્બેસેડર કે કોન્સ્યુલેટ જનરલની કચેરીઓ મારફત રૂબરૂ મુલાકાત ઇન્ટરવ્યૂ જેવી પ્રક્રિયા થાય છે. જો કોઇ ફેલાશિપ યોજના હેઠળ પસંદગી થાય તો પ્રક્રિયા વધુ સરળ થાય છે.

(૨) **વ્યાપાર-વાણિજ્ય રોજગારી :** વિદેશમાં વર્ષોથી વ્યાપાર-વાણિજ્ય નોકરીની તકો ખૂબ છે. આફ્રિકા, રંગુન, અમેરિકા, દુબઇ, ઇરાક જેવા વિકસિત કે અવિકસિત દેશોમાં સમયાંતરે વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, ઇજનેરો, ડૉક્ટરો, આઇ.ટી. તજજ્ઞો, કુશળ અને બિનકુશળ કારીગરો, નર્સો, ઇત્યાદિની શોર્ટેજ અને ડિમાન્ડ મુજબ દેશમાંથી અસંખ્ય લોકો વિદેશ જાય છે. આ પ્રક્રિયામાં બ્લડ રિલેશન, જોબ ઓફર, કોન્ટ્રાક્ટ, જાહેરાતના માધ્યમથી અત્રેથી લોકો એજન્ટો, એમ્બેસીઓ મારફત વિદેશ જાય છે. તે માટે મેળવવા પડતા વીઝા, પાસપોર્ટ, પરમિટની પ્રક્રિયામાં એમ્બેસી અને અન્ય કચેરીઓની મુલાકાત, ઇન્ટરવ્યૂ થાય છે.

(3) **સાંસ્કૃતિક, કલા, મૂડીરોકાણ પ્રચાર કાર્યક્રમો :** દેશમાંથી પ્રચારાત્મક કાર્યના મિશન હેઠળ વિદેશગમન મુલાકાતો visits ટૂંકાગાળા માટે થાય છે. તેમાં નેતાઓ, અભિનેતાઓ, ઉદ્યોગપતિઓ, વી.આઇ.પી.ઓ., ધર્મગુરુઓ ઇત્યાદિની visits જુદા જુદા દેશોમાં વારંવાર યોજાય છે. આમાં આમંત્રણ અને કેન્દ્ર સરકાર તથા નાણાકીય કે અન્ય સંસ્થાઓની દરેક કિસ્સામાં જરૂરત મુજબ મંજૂરી મેળવાય છે. તેમાં કલા, સંસ્કૃતિ, મૂડીરોકાણ જેવા કાર્યક્રમોના સહભાગી સ્વતંત્ર અને મધ્યમ ગ્રૂપની વ્યક્તિઓને અવારનવાર મુલાકાત ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં સામેલ થવું પડે છે.

**સૂચના :** વિદેશગમનની મંજૂરીની આ પ્રક્રિયામાં કેટલાંક સૂચનો જોઇએ :

(1) વિદેશગમનના કોઇપણ હેતુ માટેની ઉમેદવારની યોગ્યતા સ્પષ્ટ હોવી જોઇએ. નાની એવી ટેકનિકલ ક્ષતિ પણ અરજીપ્રક્રિયા અટકાવી શકે છે. આ અંગે જરૂરી તમામ તકેદારી રાખવી.

(2) જે તે દેશ, ત્યાંના અભ્યાસક્રમો, કરવાની થતી પ્રવૃત્તિ, ત્યાંની સુવિધા, વાતાવરણ, ત્યાંના રીલેશન્સ વગેરેનો યોગ્ય અભ્યાસ કરવો. અધિકૃત માહિતી મેળવવી. ભળતી માહિતીની યોગ્ય ચકાસણી કરવી.

(3) લલચામણી જાહેરાતો : નોકરી, લગ્ન માટેથી ચેતવું. જ્યાં જરૂરી ત્યાં માન્ય, અધિકૃત એજન્ટની મદદ લઇ શકાય. એજન્ટ સાથેના વ્યવહારમાં છેતરાઇ ન જવાય તેની કાળજી રાખવી.

(4) વિદેશનો મોહ ઇન્ટરવ્યૂમાં છતો ન કરવો. ખોટી માહિતી ન આપવી. ગેરકાયદેસર ઘુસણખોરીના કોઇ પ્રયાસ ન કરવા.

(5) વિદેશની ભારત સ્થિત જે તે એમ્બેસી કે કોન્સ્યુલેટ કચેરી કે તેની અન્ય માન્ય પ્રાદેશિક કચેરીના સંપર્કમાં રહેવુ. આ અંગેનું મુંબઇનું લિસ્ટ નીચે મુજબ છે :

## મુંબઇ ખાતેની વિદેશની એલચી કચેરીઓના સરનામાં

**1. અફઘાનિસ્તાન :**
115, વાલકેશ્વર રોડ, મુંબઇ **6.** ફોન : 2363 3777

**2. ઓસ્ટ્રેલિયા :**
મેકર ટાવર 'ઇ', 16th ફલોર, કફ પરેડ, મુંબઇ 400 005. ફોન : 22181071/22181072; ફેક્સ : 22188189

**3. ઓસ્ટ્રિયા :**
206-210, બાલારામ બિલ્ડિંગ, 2nd ફલોર, બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, મુંબઇ 400 051. ફોન : 2644 2291/2644 2292; ફેક્સ : 2640 2117

**4. બહેરીન :**
53, મેકર ટાવર્સ 'એફ', 5th ફલોર, કફ પરેડ, મુંબઇ 5. ફોન : 2218 5856/2218 5857/2218 5858

**5. બેલ્જિયમ :**
મોરેના, 11, કારમાઇકલ રોડ, એમ.એલ. ડહાણુકર માર્ગ, મુંબઇ 400 026 ફોન : 2493 9261/2492 9202

**6. બ્રાઝિલ :**
406, શારદા ચેમ્બર્સ, ૩૩, ન્યુ મરીન લાઇન્સ મુંબઇ 400 020 ફોન : 2200 2256/2200 2236

**7. કેનેડાઃ**
(ટ્રેડ ડેસ્ક), 4th ફલોર, મેકર ચેમ્બર VI, નરીમાન પોઇન્ટ, મુંબઇ 21. ફોન : 2287 6027/2287 6028/2287 6029

**8. જર્મની :**

ઈન્ટરવ્યૂ ટેકિનકસ
આર. એન. કોટક

હોકસ્ટ હાઉસ, નરીમાન પોઇન્ટ, મુંબઇ 400 021. ફોન : 2283 2422/2283 2661/ 2283 2517

**9. ગ્રીસ :**
મહેતા મહલ, 11th ફલોર, 15 મેથ્યુ રોડ, ઓપેરા હાઉસ, મુંબઇ 400 004. ફોન : 2363 7066; ફેક્સ : 2368 5830

**10. હંગેરી :**
૩૩, મલબાર વિયુ નો, 1, 6th ફલોર, ચોપાટી સી ફેસ, મુંબઇ 400 007. ફોન : 2369 4513

**11. ઇન્ડોનેશિયા :**
૧૯, અલ્ટામાઉન્ટ રોડ, કુંબાલા હિલ, કેમ્પસ કોર્નર, મુંબઇ 400 026. ફોન : 2380 0940/2389 1255

**12. ઇરાન :**
સ્વપ્નલોક, એલ. જગમોહનદાસ રોડ, મુંબઇ 400 026. ફોન : 2363 1029/2363 0073/2363 4102

**13. આયર્લેન્ડ :**
રોયલ બોમ્બે યાક કલબ ચેમ્બર્સ, એપોલો બંદર, મુંબઇ 1. ફોન : 2202 4607; ફેક્સ : 2287 1087

**14. ઇઝરાયેલ :**
કૈલાસ, ૫૦, જી. દેશમુખ માર્ગ, મુંબઇ 400 026. ફોન : 2386 2793/2386 2794/2386 2795

**15. ઇટાલી :**
કંચનજંગા બિલ્ડિંગ, ૭૨, જી. દેશમુખ રોડ, નિયર કેમ્પસ કોર્નર ઓવરબ્રિજ, પેડર રોડ, મુંબઇ 400 026. ફોન : 2387 4071/2387 4072/2387 4073

**16. જાપાન :**
૧, એમ.એલ. ડહાણુકર માર્ગ, કંબાલા હિલ, મુંબઇ 26. ફોન : 2493 3843/2493 3857; ફેક્સ : 2493 2146

**17. કુવૈત :**
૧૨૦, દિનશા વશા રોડ, કે. સી. કોલેજની સામે, ચર્ચગેટ, મુંબઇ 400 020. ફોન : 2287 1897/2288 4179

**18. મલેશિયા :**
રહીમતુલા હાઉસ, હોમજી સ્ટ્રીટ, મુંબઇ 1. મહારાષ્ટ્ર. ફોન : 2266 0056/2266 0090; ફેક્સ : 2266 4953

**19. મોરિશિયસ :**
૧૧૫, સી વિંગ, 11th ફલોર, મિત્તલ ટાવર્સ, નરીમાન પોઇન્ટ, મુંબઇ 21. ફોન : 2284 5466/2284 5468

**20. નેધરલેન્ડ :**
ધ ઇન્ટરનેશનલ, મરીન લાઇન્સ ક્રોસ રોડ નં. ૧, ચર્ચગેટ, મુંબઇ 400 021. ફોન : 2201 6750; ફેક્સ : 2206 9436

**21. નોર્વે :**
૧૬, નવરોજી મેન્શન, ૩૧, નાથાલાલ પારેખ માર્ગ, મુંબઇ 1. ફોન : 2284 1368/2284 2042/2284 2098

**22. ઓમાન :**
૧૧૨, મેકર ચેમ્બર્સ, IV, નરીમાન પોઇન્ટ, મુંબઇ 400 021. ફોન : 2287 6037/2287 6038; ફેક્સ : 2204 2523

**23. પેરૂ :**
અડોર હાઉસ, ૬-કે, દુભાષ માર્ગ, મુંબઇ 400 001. ફોન : 2287 1089; ફેક્સ : 2204 3625

**24. ફિલિપાઇન્સ :**
૧૧૬, ફ્રી પ્રેસ હાઉસ, ૨૧૫, નરીમાન પોઇન્ટ, મુંબઇ 21. ફોન : 2202 4792/2202 0375; ફેક્સ : 2202 0295

**25. પોલેન્ડ :**
મનાવી એપાર્ટમેન્ટ, 2nd ફલોર, 36, બી.જી. ખેર માર્ગ, મલબાર હિલ, મુંબઇ 400 006. ફોન : 2363 3863/ 2363 3864; ફેક્સ : 2363 3376

**26. કાંટર :**
બજાજ ભવન, નરીમાન પોઇન્ટ, મુંબઇ 400 021. ફોન : 2202 7191/2202 6701

**27. રશિયા ફેડરેશન (રશિયા) :**
૪૨, એલ. જગમોહનદાસ માર્ગ, મુંબઇ 400 036. ફોન : 2363 3627; ફેક્સ:2363 0403

**28. સાઉદી એરેબિયા :**
મેકર ટાવર્સ, 4th ફલોર, કફ પરેડ, મુંબઇ 400 005. ફોન : 2218 7725

**29. સિંગાપોર :**
૯૪, સાખર ભવન, નરીમાન પોઇન્ટ, મુંબઇ 400 021. ફોન : 2204 3205/2204 3209/2204 3211

**30. સ્પેન :**
એડોર હાઉસ, 3rd ફલોર, ૬-કે, દુભાષ માર્ગ, મુંબઇ 1. ફોન : 2287 4797; ફેક્સ:2204 3625

**31. શ્રીલંકા :**
૩૪. હોમી મોડી સ્ટ્રીટ, ફલોરા ફાઉન્ટન, મુંબઇ 400 023. ફોન : 2204 5861/2204 8303; ફેક્સ:2287 6132

**32. સ્વિડન :**
ભૂપેન ગુપ્તા, 85, સયાની રોડ, પ્રભાદેવી, મુંબઇ 400 025, મહારાષ્ટ્ર. ફોન : 2436 0493; ફેક્સ:2422 2703

**33. થાઇલેન્ડ :**
મલબાર વિયુ, 4th ફલોર, ડૉ.પુરંદરે માર્ગ, ચોપાટી, મુંબઇ 400 007. ફોન : 2363 1404

**34. યુ.એ.ઇ. :**
૧, જોલી મેકર એપાર્ટમેન્ટસ, બંગલો નં. ૭, કફ પરેડ, મુંબઇ 400 005. ફોન : 2218 3021; ફેક્સ:2218 0986

**35. યુ.એસ. :**
લિંકન હાઉસ, ભુલાભાઇ દેસાઇ રોડ, મુંબઇ 400 026. ફોન : 2363 4707/2363 7408

**36. યુનાઇટેડ કિંગ્ડમ (બ્રિટન) :**
મેકર ચેમ્બર્સ, IV, નરીમાન પોઇન્ટ, મુંબઇ 400 021. ફોન : 2283 0517/2283 2330/ 2281 3616

**37. યુગોસ્લાવિયાઃ**
જીવન સહકાર, 5th ફલોર, 5th હોમજીસ્ટેશન, મુંબઇ 1. ફોન : 2266 0922/2266 2934/2266 1352; ફેક્સ : 2266 2755 ●

# એન્જિનિયરીંગ ઉદ્યોગની વિવિધ પ્રોજેક્ટ પ્રોફાઈલ

## ૧૨. ઓઈલ એન્જિન અને વોટરપમ્પ રીપેરીંગ

સ્વરોજગાર માર્ગદર્શન

વિનોદ રાવ

**❑ ઉપયોગિતા :**

ઓઈલ એન્જીન તથા પાણીના પંપોનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીવાડીમાં વધતો જાય છે. અને તેથી વીજળી વગરના ગામોમાં મશીનરી ચલાવવામાં થાય છે. પાણીના પંપોનો ઉપયોગ શહેરી વિસ્તારમાં બાંધકામમાં તેમજ રહેણાંક મકાનોમાં પાણી પુરવઠા માટે કરવામાં આવે છે. તેમ જ ઔદ્યોગિક એકમો જ્યાં પાણીની ખાસ જરૂરિયાત છે ત્યાં કરવામાં આવે છે. વપરાશની સાથે તેમાં રીપેરીંગની જરૂરિયાત વધારે રહે છે.

**❑ બજાર અને બજાર વ્યવસ્થા :**

ગ્રામ્ય વિસ્તારમાં ઓઈલ એન્જિન રીપેરીંગનું કામ પૂરતું રહે છે. નાના ગામો કે જેની વસતી ૫૦૦ સુધીની હોય ત્યાં આ પ્રકારનો ઉદ્યોગ ચાલી શકે. ઓઈલ એન્જિન અને પાણીના પંપોનું રીપેરીંગ કામ ગ્રાહકોની જરૂરિયાત અને આવકમાં વધારો કરીને આપવાનું હોય છે.

**❑ ધારણાઓ :**

આ ઉદ્યોગ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીને લગતો ઉદ્યોગ છે. ઓઈલ એન્જિન રીપેરીંગ કામની જાણકારી જોઈએ. તેમજ પંપ રીપેરીંગ કામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં મળી રહે છે.

**❑ ઉત્પાદન પ્રક્રિયા :**

આ ઉદ્યોગમાં કોઈપણ માલનું ઉત્પાદન થતું નથી. ઓઈલ એન્જિન તથા પાણીના પંપનું રીપેરીંગ કામ ગ્રાહકોના એકમ પ્રમાણે કરી આપવાનું હોય છે.

**❑ ઉત્પાદન ક્ષમતા :**

આ ધંધા માટે વ્યક્તિએ સ્થળ ઉપર જઈ એન્જિન અને સેન્ટ્રીફયુગલ પંપનું રીપેરીંગ કામ કરાવવાનું અને સાથે સામાન્ય પાર્ટસ, વાલ્વ, ગજ્જન પીન, પીસ્ટન રીંગ વગેરે પાર્ટસનું વેચાણ પણ કરી શકાય.

**❑ પરવાના અંગેની ખાસ જરૂરિયાત :**

પરવાનાની કોઈ ખાસ જરૂરિયાત નથી.

**❑ સ્થાયી મૂડી રોકાણ :**

**♦ જમીન/મકાન :**

આ કામ જમીન ઉપર જઈ કરવાનું રહે છે. એટલે કે એન્જિન કે પંપ રીપેર કરવાનો હોય એ સાધનો લઈ સ્થળ ઉપર જઈ રીપેર કરવાનું હોઈ, સાધન ઘરે રાખી ધંધો કરી શકાય છે.

**♦ પ્લાન્ટ / મશીનરી / સાધનો / ફર્નિચર વગેરે.**

| અ. નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | હેન્ડ ટુલ્સ જેવા ફિક્સ પાના રીંગ પાના ટેપ સેટ ડાઈ સેટ હેમર સેટ, ડીસમીસ સેટ. | | ૭,૦૦૦ |
| ૨. | વ્હીલ પુલર | | ૨,૦૦૦ |
| ♦ | **ઓફીસ ફર્નિચર વગેરે** | | ૨,૦૦૦ |
| ૬. | કુલ સ્થાયી મૂડી રોકાણ | | ૧૧,૦૦૦ |
| ૭. | **ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ)** કાચો માલ જેવો કે પીસ્ટન રીંગ, ગજ્જનપીન, વાલ્વ, પગાર અને પાવર ખર્ચ મળીને કુલ | | ૧૦,૦૦૦ |
| ૮. | **કુલ મૂડી રોકાણ :** | | **૨૧,૦૦૦** |

**૯ બેંક લોન**

**(પ્લાન્ટ / મશીનરી / તથા કાર્યકારી ભંડોળ)**

બેંક લોન ૩ (ત્રણ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૩૬ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે છે. વ્યાજનો દર ૧૧.૫ ટકા ગણેલ છે. ૨૧,૦૦૦

**❑ આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :**

| | | |
|---|---|---|
| અ. | કાચો માલ પાર્ટસ | ૨,૦૦૦ |
| બ. | પગાર ખર્ચ (સ્વયં રોજગારી) ૧ વ્યકિત X રૂા. ૨,૦૦૦ | ૨,૦૦૦ |
| ક. | પાવર ખર્ચ | ૫૦૦ |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | ૭૦૦ |
| ઈ. | પેકીંગ ખર્ચ | -- |
| ફ. | ઘસારા ખર્ચ | ૧૫૦ |
| જ. | રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વગેરે | -- |
| ઝ. | મકાન ભાડું | ૫૦૦ |
| ઈ. | અન્ય ખર્ચ | -- |
| | કુલ આવર્તક ખર્ચ | ૫,૯૦૦ |

**❑ કુલ વેચાણ માસિક :**

એન્જિન અને પંપ રીપેરીંગ કામમાં સાથે પાર્ટસ વેચાણનું કામ કરવાની ધારણા કરેલ છે. દૈનિક ૧ એન્જિન અને પંપનું રીપેરીંગ કામ મળે અને

દૈનિક મજૂરી રૂા. ૨૫૦ ગણતા માસિક આવકરૂા.૨૫૦ X રૂા.૨૫=૬,૨૫૦

પાર્ટસનું વેચાણ માસિક રૂા. ૨,૫૫૦ થાય ૮,૮૦૦

**❑ નફાતોટાનો અંદાજ (માસિક)**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | ૮,૮૦૦ |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | ૫,૯૦૦ |
| ચોખ્ખો નફો માસિક | ૨,૯૦૦ |

**❑ અન્ય વિગત :**

આ ધંધા માટે અરજદારને સ્થળ ઉપર લઈ જવા આવવા માટે તથા પાર્ટસ લાવવાની જવાબદારી ગ્રાહકની રહે અને કારીગરે સ્થળ ઉપર જઈ રીપેરીંગ કામ કરવાનું રહે છે.

**❑ ખાસ નોંધ :**

રીપેરીંગ કામ માટે કોઈ આનુષાંગિક મશીનરી માંગવામાં આવે તે યોજનાની મર્યાદામાં રહીને ટી.ઓ./ આઈ.પી.ઓ. અભિપ્રાય મેળવીને અપાવવાની રહેશે.

**❑ કાચા માલના ઉત્પાદકો/વિતરકો :**

રીપેરીંગ કામ માટેના સ્પેર પાર્ટસ સ્થાનિક રીતે મળી રહેશે. આઈલ, ગ્રીસ, વગેરે લુબ્રિકેન્ટ વિક્રેતાને ત્યાંથી મળી રહેશે.

**❑ મશીનરી/સાધનો/ડાઈઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :**

ટુલ્સ, ઓજારોના વેપારીઓ પાસેથી સાધન ઓજારો તાલુકા કક્ષાએ મળી રહેશે. જેવા કે ડીવાઈન ટ્રેડર્સ, ઢેબર રોડ, રાજકોટ.

-------------

(લેખક કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનર છે.) ●

*(અનુસંધાન પાના નંબર ૫ નું ચાલુ...)*

ઉપલી વયમાં છૂટછાટ તેમજ અનામતના લાભ મળશે નહીં. આવા અરજદારને ફકત અરજીપત્રક ફી અને પરીક્ષા ફી માંથી મુકિત મળશે. આવા કિસ્સામાં અરજદારે અરજીપત્રકનાં કેટેગરીનાં કોલમ ૪ (૩) માં તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવા માંગે છે તેવુ અચુક યોગ્ય રીતે દર્શાવવાનું રહેશે, અન્યથા અરજીપત્રક 'રદ' કરવામાં આવશે.

♦ મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

**❑ સામાન્ય સૂચનાઓ :-**

♦ મંડળ ધ્વારા આ સંવર્ગની યોજેલ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ભરતી નિયમો અનુસાર ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવાને પાત્ર ઠરશે.

♦ ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવતમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

♦ આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

♦ આખરી પસંદગી પામેલ ઉમેદવાર જો નીચે મુજબની શારીરિક ખામીઓ ફીટનેસ અંગે નિમણૂક સત્તાધિકારી ધ્વારા થનાર મેડીકલ તપાસ સમયે ધરાવતો હશે અને મેડીકલ ફીટનેસ નિયત ધોરણો મુજબના ધરાવતો ન હોય તો આ જગ્યા માટે લાયક ગણાશે નહીં અને પસંદગી/નિમણૂક ' રદ ' થવાપાત્ર ઠરશે.

(i) Knockknee (ii) Pigeon Chest (iii) Squint Eye (iv) Flat Feet (v) Varicose Veins (vi) Hammer Tees (vii) Fractured Limb (viii) Decayed Teeth (ix) Communicable or (x) Skin Disease.

♦ આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

**સચિવ.** ●

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ : ગાંધીનગર

# નશાબંધી અને આબકારી ખાતામાં પરવાનેદારના ખર્ચની કોન્સ્ટેબલ, વર્ગ-૩ની જગ્યાઓ માટે સીધી ભરતી

**(જાહેરાત ક્રમાંક: ૮/૨૦૧૦)**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૯-૦૫-૨૦૧૦**

**જગાની કુલ સંખ્યા : ૧૩૧**

ગૃહવિભાગ હસ્તકનાં નશાબંધી અને આબકારી ખાતામાં પરવાનેદારના ખર્ચની કોન્સ્ટેબલ, વર્ગ-૩ ની નીચે દર્શાવેલ જગ્યાઓ સુધારેલ પગાર ધોરણ (પે બેન્ડ સ્કેલ રૂ.૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ પે ૧૬૫૦) ના પગાર ધોરણવાળી જગ્યાઓ પર સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી કરીને સીધી ભરતીથી નિમણૂક આપવા માટે તે જગ્યા માટે નિયત કરાયેલી શૈક્ષણિક તેમજ અન્ય લાયકાતો ધરાવતા હોય તેવા ઉમેદવારો પાસેથી **તા.૨૯/૫/૨૦૧૦** સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે.મંડળ દ્વારા રાજ્યના તમામ જિલ્લાના કલેકટર હસ્તકના જનસેવા કેન્દ્રો ઉપરથી વિતરણ કરેલ નિયત પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક મેળવીને પોતાના હસ્તાક્ષરમાં અરજીપત્રક ભરવાનું રહેશે. આ જગ્યા ક્ષેત્રિય કામગીરીની હોઈ તે માટે શારીરિક ક્ષમતા મુળભુત જરૂરિયાત હોઈ, શારીરિક વિકલાંગ વ્યક્તિઓને અરજી ન કરવા જણાવવામાં આવે છે.

પરવાનેદારના ખર્ચની કોન્સ્ટેબલ, વર્ગ - ૩ની ખાલી જગ્યાઓ કેટેગરીવાઈઝ નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|---|
| (૧) | સામાન્ય | ૪૮ | ૨૦ | ૬૮ |
| (૨) | સા.શૈ.પ.વર્ગ | ૨૫ | ૧૦ | ૩૫ |
| (૩) | અનુસુચિત જાતિ | ૬ | ૩ | ૯ |
| (૪) | અનુસુચિત જનજાતિ | ૧૩ | ૬ | ૧૯ |
| | કુલ :- | ૯૨ | ૩૯ | ૧૩૧ |

- ♦ અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
- ♦ માજી સૈનિક માટે નિયમોનુસાર અનામત રાખેલ-૭-જગ્યા જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.
- ♦ આ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે યોગ્ય લાયક મહિલા ઉમેદવાર ન મળે તો જે તે કેટેગરીના યોગ્ય લાયક પુરુષ ઉમેદવારોથી આ અનામત જગ્યાઓ ભરવામાં આવશે.

❑ **પગારધોરણ :-** આ જગ્યાઓ માટે હાલ સુધારેલ પગારધોરણ પે બેન્ડ સ્કેલ રૂા.૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ પે ૧૬૫૦ ના પગારધોરણવાળી છે. ઉમેદવાર એક વર્ષનો પ્રોબેશન પીરીયડ/ તાલીમ અને નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે અન્ય શરતો સંતોષકારક રીતે પુરી કર્યેથી પરવાનેદારના ખર્ચની કોન્સ્ટેબલ, વર્ગ-૩ ની જગ્યા ઉપર નિયમિત નિમણૂક મેળવવા પાત્ર થશે.

❑ **રાષ્ટ્રીયતા :-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

(૧) આ જાહેરાત અન્વયે ઉમેદવારે નિયત તારીખે ગુજરાત હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી સ્કુલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન(ધોરણ-૧૨)પાસ કરેલ હોય અથવા તેની સમકક્ષ લાયકાત જે સરકાર ધ્વારા માન્ય કરેલ હોય તે ધરાવતાં હોવા જોઈએ.

(૨) ઉમેદવારે રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી સામાન્ય નિયમો,૧૯૬૭ થી ઠરાવ્યા પ્રમાણે બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનનું પ્રમાણપત્ર ધરાવતાં હોવા જોઈશે.જે અન્વયે રાજય સરકારનાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબર:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સંસ્થાનું પ્રમાણપત્ર અથવા માન્ય યુનિવર્સિટી અથવા સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાનાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ.હાલમાં આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આખરી પસંદગી પામેલ આવા ઉમેદવારોએ નિમણૂંક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર નિમણૂક સત્તાધિકારી સમક્ષ અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક સત્તાધિકારી નિમણૂંક ‘રદ’કરી શકશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાની પૂરતી જાણકારી ધરાવતા હોવા જોઈશે.

❑ **વય મર્યાદા :**

- ♦ અરજી કરનાર ઉમેદવાર તા.૨૯-૫-૨૦૧૦ ના રોજ ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૫ વર્ષથી વધુ વયના હોવા જોઈએ નહિ.
- ♦ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે.
  - (અ) મુળ ગુજરાતના વતની હોય તેવા અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ.
  - (બ) બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૫ વર્ષ.
  - (ક) તમામ અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત)ની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.
- ♦ **માજી સૈનિક:-** જે માજી સૈનિક છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય તો તેવા અને ફરજમાંથી નિયમિત રીતે ડિસ્ચાર્જ થયા હોય તેવા, માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ખરેખર ઉંમરમાંથી બાદ કરતાં મળતી પરિણાત્મક ઉંમર, ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.
- ♦ કોઈપણ સંજોગોમાં ઉપલી વયમર્યાદા નિયત તારીખે-૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- ♦ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો તા.૩૧-૩-૨૦૧૦નાં રોજ પૂરા થતાં નાણાંકીય વર્ષ-૨૦૦૯-૧૦નું નોનક્રિમીલેયર સર્ટીફિકેટ મામલતદારનું તા.૧-૪-૨૦૧૦ થી તા.૨૯-૫-૨૦૧૦ દરમ્યાનનું ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો અને અનામતનો લાભ મળશે. જો તેઓ ઉકત વિગતે નિયત સમય દરમ્યાનનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાનનું ધરાવતાં ન હોય તો તેઓ સામાન્ય કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવા અરજીપત્રકના કેટેગરીનાં કોલમ-૪(૩)માં ‘હા’ કોલમમાં ✓(ખરાની નિશાની) કરવાની રહેશે. જે કિસ્સામાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ અને અનામતનો લાભ મળશે નહીં. ફક્ત પરીક્ષા ફીમાંથી મુક્તિ મળશે.

❑ **શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/ જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોના કિસ્સામાં) તેમજ અન્ય લાયકાતો માટે નિયત તારીખ :-**

- ♦ તમામ ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (સા.શૈ.પ. વર્ગ ના ઉમેદવારો ના કિસ્સામાં) તેમજ અન્ય લાયકાતો તા.૨૯-૫-૨૦૧૦ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

❑ **પુરૂષ ઉમેદવાર માટે શારીરિક લાયકાત :-**

(અ) **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૬૨ સે.મી. (મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જનજાતિના પુરૂષ ઉમેદવારો માટે ઓછામાં ઓછી ૧૫૭ સે.મી.) હોવી જોઈએ.

(બ) **છાતી :** તમામ કેટેગરીના ઉમેદવારો માટે : ફુલાવ્યા વગર ઓછામાં ઓછી ૭૭ સે.મી. હોવી જોઈશે અને ફૂલાવેલી ૮૨ સે.મી.હોવી જોઈશે. તેમજ છાતીમાં ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલવી જોઈએ.

(ક) **વજન :** ઓછામાં ઓછું ૫૦ કિલોગ્રામ (મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના પુરૂષ ઉમેદવારો માટે ઓછામાં ઓછું ૪૫ કિ.ગ્રામ ) હોવું જોઈએ.

♦ **મહિલા ઉમેદવાર માટે શારીરિક લાયકાત :-**

(અ) **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૫૦ સે.મી.(મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો માટે ઓછામાં ઓછી ૧૪૫ સે.મી.) હોવી જોઈએ.

(બ) **વજન :** ઓછામાં ઓછું ૪૫ કિલોગ્રામ (મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો માટે ઓછામાં ઓછું ૪૨ કિ.ગ્રામ ) હોવું જોઈએ.

❑ **પરીક્ષા પધ્ધતિ :-**

- ♦ નશાબંધી અને આબકારી ખાતાની પરવાનેદારોના ખર્ચની કોન્સ્ટેબલની જગ્યા પર પસંદગી મેળવવા માટે નીચે દર્શાવેલ પરીક્ષાની પ્રક્રિયામાંથી તબકકાવાર પસાર થવાનું રહેશે. પરીક્ષા પ્રક્રિયાનો ક્રમ નીચે મુજબ રહેશે.
- ♦ શારીરિક કસોટી (લાયકી કસોટી) (ક્વોલીફાઈંગ ટેસ્ટ) :- મંડળ ધ્વારા આ કસોટીમાં ચકાસણી દરમ્યાન જે ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શારીરિક લાયકાત ધારણ કરતો હશે તેવા ઉમેદવારોને જ શારીરિક કસોટીમાં ભાગ લેવા દેવામાં આવશે, અન્યથા ઉમેદવારી રદ ગણવામાં આવશે. શારીરિક કસોટી એક લાયકી કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ)(સ્ક્રીનીંગ ટેસ્ટ) હોઈ નીચેની દરેક ફિઝિકલ ઈવેન્ટ સામે બતાવેલ લઘુત્તમ લાયકી ધોરણ હાંસલ કરનાર ઉમેદવારને જ શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ જાહેર કરીને તે પછીના તબકકાની લેખિત કસોટીમાં બોલાવવામાં આવશે.જો ઉમેદવાર શારીરિક કસોટી દરમ્યાન નીચે દર્શાવેલ કોઈપણ એક ફિઝિકલ ઈવેન્ટમાં લઘુત્તમ લાયકી ધોરણ હાંસલ કરવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદની ફિઝિકલ ઈવેન્ટમાં ભાગ લેવા દેવામાં નહીં આવે અને આવા ઉમેદવાર આગળની પસંદગી પ્રક્રિયા માટે ગેરલાયક ઠરશે.તેમજ શારીરિક કસોટીમાં આપોઆપ અનુત્તીર્ણ ગણાશે.મંડળ ઉક્ત શારીરિક કસોટીમાં ફિઝિકલ ઈવેન્ટસનાં ક્રમ નકકી કરી શકશે.

**(અ) પુરૂષો માટે :-**

| શારીરિક કસોટીનું નામ (Physical Event) | લઘુત્તમ લાયકી ધોરણ |
|---|---|
| (૧) ૧૬૦૦ મીટર દોડ -- | ૬ મિનિટ અને ૩૦ સેકન્ડ |
| (૨) લાંબો કુદકો -- | ૪.૨૭ મીટર |
| (૩) ગોળા ફેંક (૭.૨૫૭ કિ.ગ્રા.) | ૫.૯૦ મીટર |
| (૪) ઊંચો કુદકો -- | ૧.૨૨ મીટર |
| (૫) રસ્સા ચડ -- | ૫.૩૪ મીટર |

**(બ) મહિલાઓ માટે :-**

| | |
|---|---|
| (૧) ૧૦૦ મીટર દોડ | ૧૮ સેકન્ડ |
| (૨) લાંબો કુદકો -- | ૨.૭૮ મીટર |
| (૩) ગોળા ફેંક (૩.૬૨૮ કિ.ગ્રા.) | ૩.૯૬ મીટર |
| (૪) ઊંચો કુદકો | ૦.૯૯ મીટર |
| (૫) ૮૦૦ મીટર દોડ | ૪ મિનિટ અને ૫ સેકન્ડ |

**(ક) માજી સૈનિકો માટે :-**

| | |
|---|---|
| (૧) ૧૬૦૦ મીટર દોડ | ૮ મિનિટ |
| (૨) ૧૦૦ મીટર દોડ | ૧૮ સેકન્ડ |
| (૩) ૫ મીટર શટલ (એક મિનિટમાં) | ૧૨ |
| (૪) શીટ અપ (બેન્ડ ની)(વળેલા ઘુંટણથી) | ૨૫ |
| (૫) પુશ અપ | ૧૮ |

- ♦ શારીરિક કસોટી એક લાયકી કસોટી (Qualifying Test/ Screening Test) હોઈને આ કસોટીના કોઈ ગુણ ઠરાવેલ નથી. આ શારીરિક કસોટીમાં તમામ ફીઝિકલ ઈવેન્ટ માટે જે તે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ હાંસલ કરનાર ઉમેદવારને જ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ જાહેર કરીને ત્યાર બાદના તબકકાની લેખિત કસોટી માટે જ લાયક ગણવામાં આવશે.ઉમેદવાર જો કોઈપણ એક ફિઝિકલ ઈવેન્ટમાં નિયત લઘુત્તમ લાયકી ધોરણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદની આગળની પસંદગી પ્રક્રિયા માટે ગેરલાયક ગણાશે.
- ♦ **લેખિત પરીક્ષા:-** નિયત શારીરિક માપ ધરાવતા અને શારીરિક કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ)માં લાયક ઠરેલ ઉમેદવારને નીચે દર્શાવેલ લેખિત પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.
- ♦ લેખિત કસોટી -કુલ ૧૦૦ ગુણ, કુલ પ્રશ્નો ૧૦૦, સમય-૧ કલાક
- ♦ **સામાન્ય જ્ઞાન અને માનસશાસ્ત્રીય જ્ઞાનની કસોટી (હેતુલક્ષી પ્રશ્નો)**

ઉમેદવારે સામાન્ય અને માનસશાસ્ત્રીય જ્ઞાનની ચકાસણી માટે કુલ : ૧૦૦ ગુણનું, ૧૦૦ હેતુલક્ષી પ્રશ્નવાળુ પ્રશ્નપત્ર સમય-એક કલાકનું OMR પધ્ધતિવાળું રહેશે.હેતુલક્ષી પ્રશ્નો સામાન્ય જ્ઞાન, માનસશાસ્ત્ર અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતનાં વિગેરે વિષયો પૈકીના હશે. આ પ્રશ્નનું ધોરણ ગુજરાત સેકન્ડરી

*(અનુસંધાન પાના નંબર ૫ ઉપર...)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*